

"અહો! રાગની તો શી વાત! એક સમયની પર્યાય એ પણ મૂળ વસ્તુ નથી, મૂળ વસ્તુ તો પર્યાયની પાછળ આખું તત્ત્વ પડયું છે. પર્યાયની પાછળ આખો મોટો ભગવાન પડયો છે, પર્યાયનું લક્ષ છોડીને અંદરમાં પ્રભુના દર્શન કરે ત્યારે પ્રભુ થાય છે."

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત-૪ [ ૪૮૯ ] * આત્મધર્મ * [ અંક-૧ વર્ષ-૪૧ ] જુલાઈ ૧૯૮૪

# શુદ્ધાત્માની ચિંતાનો પરિગ્રહ વર્તે છે તેનું જીવન પણ ધન્ય છે

જીવ અનાદિ કાળથી સંસારમાં રખડે છે. અનાદિથી સંસારમાં રખડતાં તેણે આત્માને ચૂકીને શરીરાદિ પરની જ ચિંતા કરી છે, પણ આત્માનો સ્વભાવ શું છે અને તેનું સંસાર પરિભ્રમણ કેમ ટળે ?—તેની ચિંતા કદી કરી નથી. તેથી અહીં આચાર્ય ભગવાન કહે છે કે જેણે આત્માની ચિંતા માત્રનો પરિગ્રહ કર્યો છે તેનું જીવન પણ પ્રશસનીય છે:—

अस्तां तत्र स्थितो यस्तु चिंतामात्र परिग्रहः ।
तस्यात्र जीवित श्लाघ्यं देवैरपि स पूज्यते ।। ६२ ।।

જે પુરુષ આ શુદ્ધાત્માને ઓળખીને તેના ધ્યાનમાં સ્થિર રહે છે તેની વાત તો દૂર રહો. પરંતુ જે પુરુષ શુદ્ધાત્માની ચિંતાનો પરિગ્રહ કરવાવાળો છે તેનું પણ જીવન આ સંસારમાં પ્રશંસનીય છે; તથા દેવો દ્વારા પણ તે પૂજાય છે. માટે ભવ્ય જીવોએ સદા શુદ્ધાત્માનું ચિંતન કરવું જોઈએ.

શ્રી પદ્મનંદી આચાર્ય દેવ મહાન સંત દિગંબર મુનિ હતા, તેઓ જંગલમાં આત્માની રમણતામાં રમતા હતા. જંગલમાં તેમણે આ શાસ્ત્ર રચ્યું છે; તેમાં તેઓ કહે છે કે—અહો, જે જીવો દેહથી અને વિકારથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્માને જાણીને તેના ધ્યાનમાં સ્થિર થાય તેમની વાત તો દૂર રહો, તેમની તો શું વાત! પરંતુ જેને શુદ્ધ આત્માની ચિંતાનો માત્ર પરિગ્રહ વર્તે છે તેનું જીવ્યું પણ ધન્ય છે. લક્ષ્મી વગેરે પરિગ્રહની પકડ તે તો મમતા અને સંસારનું કારણ છે, તેથી તેવા જીવનને ધન્ય નથી કહેતા, પણ ચૈતન્ય તત્ત્વની ચિંતાની જેણે પકડ કરી છે તેના જીવનને સંતો પ્રશંસનીય કહે છે.

સંસારમાં રખડતાં રખડતાં અનંતવાર મનુષ્યદેહ પામીને આત્માના ભાન વિના મર્યો, પણ આત્મા શું છે તેની વાત જાણી નથી; કદી આત્માનો યથાર્થ વિચાર પણ કર્યો નથી, તેથી અહીં તેનો મહિમા બતાવતાં કહે છે કે બહારની ચિંતા ટાળીને જેઓ આત્માના સ્વરૂપમાં ઠર્યા છે તેઓ તો કરવા યોગ્ય કાર્ય જ કરી બેઠા છે, તેમની શું વાત! પણ જગતની ચિંતા છોડીને જેને આત્માની ચિંતાની પકડ પણ થઈ કે અહો! મારા આત્માને મેં અનંતકાળથી ઓળખ્યો નથી, અનંતકાળમાં કદી આત્માનું ધ્યાન કર્યું નથી, આત્માને ભૂલીને બાહ્યપદાર્થોની ચિંતામાં જ રખડયો છું,

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૫ ]

કહાન
સંવત ૪
વર્ષ ૪૧
અંક ૧
[ ૪૮૯ ]




વીર
સંવત
૨૫૧૦
A.D. 1984
JULY

# શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## * કહાન-ગુરુ-પ્રસાદ *

* મહામુનિઓને રાજા આદિનો સંગ થાય તે પણ મરણતુલ્ય લાગે છે. પુણ્યવંતમાં કાંઈક બધું સરખું રાખવું પડે...તેથી પુણ્યવંતોથી વૈરાગીઓને દૂર રહેવું સારું છે.

* રાગકા નાશ કરનેકા આત્માકા સ્વભાવ હૈ ઐસે કહનેમેં આવે પણ પરમાર્થથી ખરેખર તો આત્માકા રાગકો નાશ કરનેકા સ્વભાવ હૈ હી નહિ. ઉત્પન્ન કરનેકા હી સ્વભાવ નહીં તો રાગકા નાશ કરનેકા ભી સ્વભાવ હૈ હી નહીં. સ્વભાવમાં વિભાવ હૈ હી નહીં તો નાશ કૈસે કરે? વ્યવહારસે કહનેમેં આતા હૈ. પણ ખરેખર તો નાશ કરનેકા સ્વભાવ હી નહીં. સ્વભાવમેં વ્યવહાર હૈ હી નહીં તો નાશ કૈસે કરે? શ્રી સમયસાર ગાથા ૩૪ માં કહ્યું છે ને કે રાગકા ત્યાગ નામ માત્ર હૈ, સ્વભાવ નહીં.

તા. ૧૩-૧૦-૬૬

આહાહા! આત્મા એટલે પોતે જ પરમેશ્વર છે. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો આત્મામાં ભરી છે. પોતે જ પરમેશ્વર છે. બીજા પરમેશ્વર કયા હતા! પોતે જ પોતાનો પરમેશ્વર છે.

* પુણ્ય-પાપ, દયા-દાન-પૂજા-ભક્તિ આદિને વેદે ઇ (પરમાર્થ) આત્મા નથી, જડ છે. આ પોઇન્ટ લખવા જેવા છે. અંદરથી આવ્યા છે. વાહ રે ચૈતન્ય વાહ!!

તા. ૯-૧૦-૬૬

* શરીર-વાણી-મન તથા દયા-દાન, વ્યવહાર રત્નત્રયના પરિણામ એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ પંચ મહાવ્રતના પરિણામ અને પરલક્ષી જ્ઞાન એ બધા પુદ્ગલના પરિણામ છે ને પુદ્ગલનું કાર્ય છે ને પુદ્ગલ એનો કર્તા છે, આત્મા તેનો કર્તા નથી. (શ્રી સમયસાર ગાથા-૭૫ ઉપર રાત્રીચર્ચા, તા. ૯-૧૦-૬૬)

# એવો પુરુષાર્થ અવશ્ય કર

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મુખારવિંદથી
વિનિર્ગત અધ્યાત્મ–ઉદ્‌ગાર

[ સંકલિત ]

બધા પોતાના જીવનમાં એક શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગને અંગીકૃત કરો. અનન્ત દુઃખથી મુક્ત થવાનો આ જ એક માર્ગ છે. અનન્ત કાળથી બધા સાધક આ જ એક શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ માર્ગ દ્વારા નિર્વાણને પ્રાપ્ત થયા છે. પ્રવચનસારમાં આવે છે ને!—

શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને
સિદ્ધિ વર્યાં; નમું તેમને, નિર્વાણના તે માર્ગને.

—માટે દુઃખમુક્તિના અભિલાષી બધાય જીવો આ જ એક માર્ગનું ગ્રહણ કરો.

છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલનારા મહામુનિ, અન્તરપરિણતિનો પ્રવાહ વધતાં, નિર્વિકલ્પ તત્ત્વમાં સ્થિર થઈ જાય છે, અને બહાર આવે ત્યારે શ્રુતના જ વિચાર, તેનું જ મંથન; બોલે તો શ્રુતનાં જ વચન—તેની જ કથા. બીજી બધી કથાઓનો રસ ઊડી ગયો છે. મહામુનિઓની પરિણતિનો મુનિયોગ્ય ઉગ્ર પ્રવાહ 'શુદ્ધાત્મતત્ત્વ' તરફ જ વહે છે, બીજી કોઈ પણ વાતમાં રસ જ આવતો નથી. બાહ્ય સાંસારિક કથાની તો વાત જ શી? નિર્વિકલ્પ તત્ત્વમાં પરિણતિ જો નિર્વિકલ્પપણે શાશ્વત જામી જાય તો બહાર નીકળે જ નહિ; પણ અપૂર્ણતા હોવાથી પરિણતિ ક્ષણમાં બહાર આવી જાય છે, તેથી તે પરિણતિને અનુરૂપ ચૈતન્યની ને શ્રુતની કથામાં રોકાય છે; પરંતુ ત્યાં પણ—તે શ્રુતવિકલ્પોમાં પણ—રસપૂર્વક જોડાતા નથી. આત્મા એક છે, અનેક છે, નિત્ય છે, અનિત્ય છે, અનન્ત ગુણોનો પિંડ છે—એ રીતે ચૈતન્યના મહિમામાં અને નયપક્ષોના વિચારમાં પરિણતિ ચાલી જાય છે પરંતુ તે પણ તેમને ગોઠતું તો નથી જ, કેમ કે તે શુભભાવમિશ્રિત છે, આકુલતારૂપ છે. સ્વરૂપાનુભૂતિમાંથી બહાર

આવતાં નયોના વિકલ્પ આવે પરંતુ એનો પણ રસ નથી; ચૈતન્યની કથામાં રોકાય છે પણ રસ નથી. શુદ્ધાત્મતત્ત્વ નિર્વિકલ્પ છે; ત્યાં નિર્વિકલ્પ-પણે જામી જવાની જ ભાવના છે. ચૈતન્યરૂપ જ થઈ જવા માગે છે.

કોઈ કોઈ મુનીશ્વરોને એવી લબ્ધિ પ્રગટ થઈ જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં અગિયાર અંગ ને ચૌદ પૂર્વનું અનુપ્રેક્ષણ કરી લે છે! પરંતુ મુનિરાજના હૃદયમાં તેનો પણ મહિમા તો નથી જ. લૌકિક દૃષ્ટિએ તેમને કેવી અદ્‌ભુત લબ્ધિ છે! સંપૂર્ણ બાર અંગનું અંતર્મુહૂર્તમાં મનથી તો અનુપ્રેક્ષણ કરે છે પરંતુ તદુપરાંત વચનથી પણ સ્વાધ્યાય કરી લે છે. તેમને અંદરમાં સહજ કોઈ એવી શક્તિ ઊઘડી જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં પૂરેપૂરાં બાર અંગ ફેરવી જાય. આ પ્રકારે બાર અંગનું જ્ઞાન અને તદ્વિષયક લબ્ધિ હોવા છતાં પણ મુનિઓને બાર અંગના જ્ઞાનની અને લબ્ધિની કાંઈ અધિકતા લાગતી નથી. અંતરમાં અપૂર્ણ જ્ઞાન રુચતું જ નથી. એ તો ક્રમિક જ્ઞાન છે; ક્રમ પડે એવા જ્ઞાનનો મહિમા જ શો?

સહજજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન તો એક સમયમાં સંપૂર્ણ લોકાલોકને —ત્યાં ગયા વિના, વિચાર કર્યા વિના, અંદર જ લીન રહેતાં, અંતરમાં જ કેલિ કરતાં કરતાં—જાણી લે છે.

બધાય સાધકોનું સાધ્ય કેવળજ્ઞાન છે અને આશ્રય જ્ઞાનસ્વભાવી શુદ્ધાત્મતત્ત્વ છે, તેથી ચોથા ગુણસ્થાનથી જ સાધકને બાહ્ય નયપક્ષોમાં એકત્વરૂપ પરિણમન હોતું નથી. વિશેષમાં, શ્રુતના વિચાર નીરસ લાગે છે. ક્રમિક જ્ઞાન છે ને?—તે અપેક્ષાએ. અપેક્ષા સમજવી જોઈએ. જો અપેક્ષા સમજે નહિ તો એમ લાગે કે 'આ શું કહે છે? શાસ્ત્રજ્ઞાન નીરસ?' ભાઈ! બાહ્ય કથા અને શ્રુતના ચિંતવનમાં કથંચિત્ ભેદ બતાવવાની અપેક્ષાએ એમ કહેવાય કે 'બાહ્ય કથા નીરસ લાગે છે અને શ્રુતના ચિંતવનમાં રસ આવે છે'; પરંતુ પરિણતિ નિર્વિકલ્પ તત્ત્વમાં નિર્વિકલ્પપણે જામી જતાં જે આનંદરસ ઝરે છે તેની અપેક્ષાએ, તથા અંતરમાં નિર્વિકલ્પપણે સદાને માટે જામી જવાની ભાવના નિરંતર વર્તે છે તેની અપેક્ષાએ તત્ત્વ-અનુકૂળ વિચાર પણ નીરસ લાગે છે, તેથી એમ

કહેવાય છે કે 'ચૈતન્યની કથામાં પણ રસ આવતો નથી'.

ચોથા ગુણસ્થાનથી જ સાધકોને નિર્વિકલ્પ તત્ત્વમાં નિર્વિકલ્પપણે સદાને માટે જામી જવાની ભાવના હોય છે. તેમને દ્રવ્યદષ્ટિને મુખ્ય રાખીને તત્ત્વસંબંધી—દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ આદિના—અનેક વિચાર અંતરમાં આવે તો છે, પરંતુ તેઓ આકુળતારૂપ હોવાથી અંદરમાં ગોઠતા નથી, અને શુભભાવમિશ્રિત ક્ષાયોપશમિક અપૂર્ણ જ્ઞાનરૂપ હોવાથી તેમનામાં અધિકતા પણ લાગતી નથી. સહજતત્ત્વમાં સહજપણે જામી જવું છે, બાકી બધું કૃત્રિમ છે—એવી ભાવના ચોથા ગુણસ્થાનથી જ હોય છે. પરંતુ પુરુષાર્થની મંદતા હોવાથી સ્વરૂપમાં લીનતા વિશેષ નહિ હોવાને લીધે, શ્રુતનું ચિંતવન, દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ઇત્યાદિ શુભભાવ આવ્યા વિના રહેતા નથી.

અંદર શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. તું પણ પ્રમાદ છોડી ત્યાં દૃષ્ટિ કર. એને માટે ઝાઝા જ્ઞાનની જરૂરત નથી, રુચિ પલટાવી દે. શ્રુતનું અધિક જ્ઞાન હોય તો તે કંઈ નુકસાનકારક નથી, અંદર નિર્મળતાનું કારણ બને છે. પરંતુ જો વિશેષ જ્ઞાન ન હોય અને પ્રયોજનભૂત જ્ઞાન હોય તોપણ આત્માનું કાર્ય તો થઈ શકે છે. તેથી પ્રયોજનભૂત તત્ત્વ જે નિજ શુદ્ધાત્મા તેને જાણવાનો પ્રયત્ન કરવો. અધિક શાસ્ત્રજ્ઞાન હોય તો ઠીક, પરતું કસવાળું તત્ત્વ તો એક શુદ્ધાત્મા જ છે; તો શુદ્ધાત્માને જ ગ્રહણ કરવો.

ગુરુદેવે જ શુદ્ધાત્માનો માર્ગ બતાવ્યો છે. ગુરુદેવે બધાને તૈયાર કર્યા છે. 'તું પુરુષાર્થ કર. પુરુષાર્થ તારે જ કરવાનો છે. તું તારા અપરાધથી ભટક્યો છો અને તારા જ પુરુષાર્થથી તરવાનું છે.'—આમ ગુરુદેવે જોરદાર વાણી વરસાવી છે. ગુરુદેવે પંચમ કાળમાં ભગવાનનો વિરહ ભુલાવ્યો છે. પોતે અંદર તૈયાર થઈ જાય તો દેવ-શાસ્ત્ર-ગુરુ જોરદાર નિમિત્તરૂપે હોય જ છે. અંતરમાં આગળ વધનાર કહે છે કે—આપણને ગુરુના પ્રસાદે મળ્યું છે, આપણને અંતરમાં જે અનુભવ પ્રગટ થયો તે

[અનુસંધાન માટે જુઓ પાના નં....૨૯]

# બંધ–મોક્ષથી રહિત પરમાર્થ જીવનું સ્વરૂપ

પરમાત્મપ્રકાશની આ ૬૮ મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યા છે, આનંદના વાજા વગાડયા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ–મોક્ષની પર્યાય અને બંધ–મોક્ષના કારણ વિનાનો તે જીવ છે. શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથી. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે.

(પરમાત્મપ્રકાશ ગાથા ૬૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સંતો એમ કહે છે કે જિનવરદેવ ગણધરોની સભામાં આમ કહેતા હતા કે ધ્રુવ ભગવાન, ઉત્પાદ-વ્યયની પર્યાયને કે બંધ–મોક્ષની પર્યાયને કરતો નથી; તેને જિનવરદેવ જીવ કહે છે. બંધ–મોક્ષની પર્યાયને જે કરતો નથી તેને અમે જીવ કહીયે છીએ–એમ જિનવરદેવ કહે છે.

જીવ તેને કહીયે કે જે પર્યાયને ઉત્પન્ન કરતો નથી, વ્યય કરતો નથી, બંધ–મોક્ષને કરતો નથી ને તેના કારણને કરતો નથી, તેને જિનેન્દ્રદેવ જીવ કહે છે. એક સમયમાં ચૈતન્યસ્વભાવ ધ્રુવધાતુને ધારી રાખ્યો છે એવી ત્રિકાળી વસ્તુ તે જીવ છે. એવો ત્રિકાળી ધ્રુવ પરમાત્મા પોતે મોક્ષમાર્ગને કરતો નથી, મોક્ષને કરતો નથી. બંધને કરતો નથી, બંધમાર્ગને કરતો નથી, પર્યાયના ઉત્પાદને કરતો નથી, પર્યાયના વ્યયને કરતો નથી તેને ત્રણ લોકના નાથ જીવ કહે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને જીવ કરતો નથી, પર્યાયને પર્યાય કરે છે, પર્યાય પર્યાયના ષટ્કારકની તાકાતથી પરિણમે છે, દ્રવ્ય પર્યાયને કરતું નથી. અજ્ઞાની રાગની

એકતામાં ભીડાઈ ગયો છે, તેની પર્યાય ભીંસમાં આવી ગઈ છે, દ્રવ્ય તો દ્રવ્યપણે સદાય રહ્યું છે; તે રાગની ભીડમાં પણ ભીંસાતું નથી ને રાગની ભીડની ભીંસમાંથી છૂટીને મોક્ષની પર્યાયમાં પણ દ્રવ્ય આવતું નથી.

પરની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય નથી, પરંતુ સ્વની અપેક્ષાએ પર્યાય વિનાનું દ્રવ્ય છે. પર્યાય ને દ્રવ્ય બે ભિન્ન સત્તા છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી, વ્યક્ત ને અવ્યક્ત સ્પર્શતું નથી. આવા ભગવાનને લક્ષમાં લેનારી પર્યાય પણ વસ્તુમાં આવતી નથી.

જિનવરદેવ એને જીવ કહે છે જે ઉત્પાદ-વ્યય દશામાં આવતો નથી, બંધ-મોક્ષમાં આવતો નથી, બંધ-મોક્ષને કરતો નથી. મોક્ષની પર્યાય જે વસ્તુમાં નથી એવી વસ્તુ દૃષ્ટિમાં લેવી; છતાં દૃષ્ટિમાં વસ્તુ આવતી નથી. વસ્તુ જેવડી ને જેવી છે તેની શ્રદ્ધા પર્યાયમાં આવે છે પણ વસ્તુ પર્યાયમાં આવતી નથી.

બંધ ને મોક્ષની પર્યાયને કરે નહીં તેને જિનવરદેવ જીવ કહે છે, એવો જીવ-ત્રિકાળી ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે, પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન પર્યાય છે પણ તેનો વિષય ધ્રુવ છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવની શ્રદ્ધા આવે પણ ત્રિકાળી ધ્રુવ ન આવે. પ્રતીતિમાં પૂર્ણાનંદના નાથની શ્રદ્ધા આવે પણ તે પર્યાયમાં પૂર્ણાનંદનો નાથ પોતે ન આવે.

ધ્રુવ પોતાની પર્યાયમાં આવતું નથી અને પર્યાયને કરતું નથી. અજ્ઞાની પોતાના દ્રવ્યને ભૂલીને રાગને કરે છે પણ તે પરદ્રવ્યનો કર્તા નથી. નિર્મળ પર્યાય દ્વારા જેને આત્માનું ભાન થયું છે તે રાગનો પણ કર્તા નથી. શુદ્ધ નિશ્ચયનયથી ભગવાન આત્મા ઉત્પાદને કરતો નથી, વ્યયને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી.

હે યોગી! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિથી વિચારવામાં આવે—જોવામાં આવે અર્થાત્ અનાદિ અનંત વસ્તુસ્વભાવથી-પરિપૂર્ણ ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિથી જોવામાં આવે તો પરિપૂર્ણ ધ્રુવ વસ્તુ પર્યાયને કરતી જ નથી.

સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી ધ્રુવ તે સમ્યગ્દર્શનની પર્યાયને કરતો નથી. સમ્યગ્દર્શનની પર્યાય એમ માને છે કે ત્રિકાળી વસ્તુ સમ્યગ્દર્શનની પર્યાયને પણ કરતો નથી. ભગવાન આત્મા ઉત્પાદમાં પણ આવતો નથી ને વ્યયમાં પણ આવતો નથી. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ તેમાં દ્રવ્ય આવતું નથી. સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે દ્રવ્ય સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા નથી, સમ્યગ્દર્શનની પર્યાય રાગનો કર્તા નથી અને રાગ પરદ્રવ્યની પર્યાયનો કર્તા નથી.

સમ્યગ્દર્શનની પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી પણ આખા દ્રવ્યની પ્રતીતિ આવે છે. જેને એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય શું છે તે જાણવામાં આવ્યું છે તથા લોકાલોક શું છે તે જાણવામાં આવ્યું છે એવા ત્રિલોકી પરમાત્માએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી, પણ નિર્મળ પરિણતિનો પણ કર્તા નથી. શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મા બંધ-મોક્ષથી રહિત છે એમ જિનેન્દ્રદેવ કહે છે.

ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે તે એમ કહે છે કે ભગવાન આત્મા નિર્મળ પર્યાયનો કર્તા નથી. સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ છે, તેનું ધ્યેય જે ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે સમ્યગ્દર્શનની પર્યાયનો પણ કર્તા નથી.

અનાદિથી ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ છે કે જે શુદ્ધ પર્યાયને પણ કરતો નથી. એવા શુદ્ધાત્માની અનુભૂતિના અભાવથી—નિજ ચૈતન્ય પૂર્ણાનંદ સ્વરૂપની અનુભૂતિના અભાવથી જીવ પર્યાયમાં શુભ-અશુભ ઉપયોગે પરિણમીને ગતિઓમાં ઉપજે છે, નાશ પામે છે, કર્મબંધ કરે છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે, ત્રિકાળી જાણવા-દેખવાની શક્તિવાળો છે. એવા ભગવાન આત્માની સન્મુખતાના અભાવથી અજ્ઞાનથી જીવ શુભ-અશુભ ભાવો કરીને શુભાશુભ કર્મ બાંધીને જન્મ-મરણ કરે છે. શુભાશુભ ઉપયોગથી શુભાશુભ કર્મ બાંધીને જન્મ-મરણને કરે છે અર્થાત્ શુભાશુભ ઉપયોગથી પરિભ્રમણ થાય છે, તેથી તે શુભોપયોગ મોક્ષનું કારણ કેમ હોઈ શકે?

વસ્તુ પર્યાયને કરતી નથી ને પર્યાયમાં આવતી નથી તો આ શું થયું?—કે એવી શુદ્ધાત્માનુભતિના અભાવમાં એણે શુભાશુભ ઉપયોગ કર્યો છે. નિગોદમાં પણ શુભ ઉપયોગ છે. શુભાશુભ ઉપયોગ કરીને શુભાશુભ કર્મ બાંધી ને જન્મ, મરણ, ગતિ પરિભ્રમણ કરે છે. અને સહજ પરમપારિણામિક જ્ઞાયકભાવની સન્મુખ થઈ ને સમ્યક્-દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધોપયોગ કરીને મોક્ષને કરે છે.

શુદ્ધાત્માની અનુભૂતિના સદ્‌ભાવમાં શુદ્ધોપયોગથી મોક્ષને કરે છે અને શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં શુભાશુભ ઉપયોગથી બંધને કરે છે; તોપણ શુદ્ધ પરમપારિણામિક-ભાવ બંધ-મોક્ષને કરતો નથી. શુભાશુભભાવને કરતો નથી ને અનુભૂતિને પણ કરતો નથી. પરમભાવની દૃષ્ટિથી અનુભતિનો તથા શુભાશુભ ભાવનો અકર્તા છે.

ઉત્પાદ-વ્યય વિનાનું ધ્રુવ, મોક્ષની પર્યાયને કરતું નથી. નિશ્ચયથી ધ્રુવ છે તે ઉત્પાદ-વ્યયનો હેતુ નથી, ઉત્પાદ છે તે વ્યય કે ધ્રુવનો હેતુ નથી તથા વ્યય છે તે ઉત્પાદ કે ધ્રુવનો હેતુ નથી બંધનો ને મોક્ષનો—બંને ભાવોનો કર્તા ધ્રુવ નથી, કેવળજ્ઞાનની પર્યાયનો કર્તા પણ ધ્રુવવસ્તુ નથી.

શુદ્ધાત્માની અનુભતિના અભાવમાં અજ્ઞાની શુભાશુભ ઉપયોગરૂપ પરિણમન કરીને કર્મબંધ કરે છે, તેનાથી જીવન–મરણ થાય છે. પર્યાયમાં અનુભૂતિના અભાવમાં જન્મ-મરણ કરે છે તથા અબદ્ધસ્વરૂપ ચૈતન્યમૂર્તિની પર્યાયમાં અનુભૂતિ પ્રગટ થતાં શુદ્ધોપયોગથી જીવ મોક્ષને કરે છે. એ રીતે પર્યાયમાં બંધ-મોક્ષ કરે છે તોપણ ત્રિકાળી મુક્ત સ્વભાવી વસ્તુમાં બંધ ને મોક્ષ છે જ નહીં.

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં અર્થાત્ શુદ્ધ દ્રવ્ય જેનું પ્રયોજન છે તે દૃષ્ટિથી જોતાં દ્રવ્ય બંધ તેમજ મોક્ષનો કર્તા નથી—એમ સાભળીને શિષ્ય પૂછે છે કે પ્રભુ! આત્મા શુદ્ધનયથી મોક્ષનો કર્તા નથી તેનો અર્થ એ કે શુદ્ધનયથી મોક્ષ પણ નથી માટે મોક્ષનો પ્રયત્ન પણ વૃથા છે. ત્યારે ગુરુ તેને સમજાવે છે કે:—

વસ્તુ અબંધસ્વરૂપ છે, તેને દૃષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે. નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા વસ્તુ દૃષ્ટિમાં આવે છે. પર્યાયમાં બંધ-મોક્ષ છે પણ દ્રવ્યમાં બંધ-મોક્ષ છે જ નહીં. પર્યાયમાં બંધભાવ છે અને તેના અભાવથી મોક્ષ થાય છે, પણ બંધ છે તે ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં. વસ્તુસ્વભાવમાં બંધ કેમ હોય? વસ્તુમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. શુદ્ધનિશ્ચયનથી વસ્તુમાં બંધ નથી તેથી બંધના અભાવથી થતો મોક્ષ તે પણ વસ્તુમાં નથી. આવી વસ્તુની દૃષ્ટિ કરવી તે મહા પુરુષાર્થ છે. જ્ઞાયકભાવમાં બંધ-મોક્ષ ક્યાંથી આવે? પર્યાય ને બંધ-મોક્ષ વસ્તુમાં નથી. નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી. આચાર્યદેવ દ્રવ્યનું સ્વરૂપ બતાવવા, તેની દૃષ્ટિ કરાવવા અને પર્યાયદૃષ્ટિ છોડાવવા કહે છે કે પર્યાયને દ્રવ્ય કરતું જ નથી.

જે પુરુષ બંધાયેલો હતો તેને છૂટી ગયો કહો તો તે ઠીક છે, પણ જે પુરુષ બંધાયો જ ન હોય તેને છૂટી ગયો કહો તો તે પુરુષ ક્રોધ કરે–ગુસ્સે થાય. તેમ રાગથી બંધાયેલો હતો તેને મુક્ત થયો કહેવો બરાબર છે પણ જે રાગથી બંધાયેલો જ નથી તેને મુક્ત થયો કહેવો યોગ્ય નથી. ત્રિકાળી વસ્તુસ્વભાવ બંધાયેલી જ નથી, જીવ રાગથી બંધાયેલો જ નથી. જીવવસ્તુ રાગથી બંધાયેલી હોય તો વસ્તુ રહે જ નહીં.

અનંતા જિનવરો એમ કહે છે કે જીવ બંધ-મોક્ષને કરતો નથી તે જીવને અમે જીવ કહીયે છીએ. બીજી રીતે કહીયે તો બંધપર્યાય તો આશ્રય કરવા લાયક નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગ પણ આશ્રય કરવા લાયક નથી. બંધ-મોક્ષથી રહિત વસ્તુ આશ્રય કરવા લાયક છે. મોક્ષમાર્ગની પર્યાય તે વ્યવહાર જીવ છે. પર્યાય તે વ્યવહાર હોવાથી પર્યાયવાળો જીવ તે વ્યવહાર જીવ છે અને દ્રવ્ય તે નિશ્ચય જીવ છે.

પરમાત્મા થવાની કળા શીખવતાં કહે છે કે હે આતમરામ! જે જીવ મોક્ષના પરિણામને પણ કરતો નથી તેને અમે (–જિનવરદેવ) જીવ કહીયે છીએ ત્યાં દૃષ્ટિ કર.

જીવ ને મોક્ષ વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં ?—હા, અભાવ સંબંધ છે. દ્રવ્યને અને પર્યાયને પ્રાગભાવાદિ ચાર પ્રકારના અભાવની જાતનો અભાવ નથી પણ દ્રવ્ય ને પર્યાય વચ્ચે આધ્યાત્મિક અભાવ છે. જીવમાં પર્યાય નથી અને પર્યાયમાં જીવ નથી એવો સંબંધ છે. ભગવાન ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ સદ્દશ વસ્તુ છે, સામાન્ય સ્વરૂપ છે, તેમાં વિશેષનો અભાવ છે. સામાન્યમાં વિશેષનો અભાવ હોવાથી સામાન્ય તે વિશેષને કરતું નથી. વ્યક્તમાં, વ્યક્ત અને અવ્યક્તનું એકીસાથે જ્ઞાન થવા છતાં અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી. પર્યાયના આલિંગન વિના દ્રવ્ય શુદ્ધ છે. નિર્મળ પર્યાય વિનાના દ્રવ્યને શુદ્ધ કહે છે.

મોક્ષ અને મોક્ષમાર્ગ આશ્રય કરવા લાયક નથી, પર્યાય રહિત વસ્તુ આશ્રય કરવા લાયક છે. વસ્તુ ધ્રુવ છે કે જેમાં બંધ-મોક્ષની પર્યાય નથી તેને જિનવરદેવ પરમાર્થ આત્મા કહે છે. બંધ–મોક્ષ તે પરમાર્થ આત્મા નથી. બંધ–મોક્ષ તો પર્યાયમાં છે. દ્રવ્યમાં પર્યાય નથી ને પર્યાયમાં દ્રવ્ય નથી. જ્ઞાનની પર્યાયમાં અને શ્રદ્ધાની પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યની પ્રતીતિ આવે છે પણ દ્રવ્ય નથી આવતું.

પ્રભુ ! એકવાર સાંભળતો ખરો ! તારા દ્રવ્યની પ્રભુતા એવડી છે કે તેમાં બંધ–મોક્ષની પર્યાય પણ નથી. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે કેમ કે તે પર્યાય છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય નિશ્ચય–જીવને સ્પર્શતી નથી.

પ્રવચનસારમાં ૪૬ તથા ૪૭ મી નયમાં એમ કહ્યું છે કે માટીને ઘડો આદિ વાસણની અવસ્થાથી જોવી તે અશુદ્ધનય છે; અને માટીને માટીરૂપ જોવી તે શુદ્ધનય છે. તેમ દ્રવ્યને બંધ-મોક્ષથી જોવું તે અશુદ્ધનય છે અને બંધ–મોક્ષ રહિત એકલા દ્રવ્યને જોવું તે શુદ્ધનય છે. કેમ કે વસ્તુમાં બંધ–મોક્ષ છે જ નહીં, અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ ભૂતાર્થ છે.

નિશ્ચય મોક્ષમાર્ગ અને મોક્ષ તે પણ વ્યવહારનયનો વિષય છે, કેવળજ્ઞાન પણ પર્યાય છે તેથી વ્યવહારનયનો વિષય છે. જિનવરદેવ એમ કહે છે કે ધ્રુવમાં બંધ–મોક્ષની પર્યાયનો અભાવ છે. દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર છે એટલે કે અશુદ્ધનય છે. નિશ્ચય મોક્ષમાર્ગ અશુદ્ધ નથી પણ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને દેખવી તે ભેદ છે તેથી તે અશુદ્ધનય છે અને બંધ–મોક્ષથી રહિત ત્રિકાળી ધ્રુવને દેખવો તે શુદ્ધનય છે.

મોક્ષમાર્ગની પર્યાય વ્યક્ત છે તે અવ્યક્ત દ્રવ્યને સ્પર્શતી નથી, પર્યાય દ્રવ્યનો આશ્રય લ્યે છે ને ?—પર્યાય દ્રવ્યની સન્મુખ થઈ એટલે દ્રવ્યનો આશ્રય લીધો તેમ

[ અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૧૯ ]

# તે જ ધન્ય છે જે પોતાના આત્માને અનુભવે છે

[શ્રી યોગસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

[પ્રવચન ૨૩ મું]

આ યોગસાર ચાલે છે. પુણ્ય-પાપભાવથી રહિત પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થઈ શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા પ્રગટ કરવી તેનું નામ યોગસાર કહેવામાં આવે છે.

અહીં ૬૪મી ગાથા ચાલે છે, જેણે પોતાના નિર્મળ શુદ્ધ સ્વભાવને સાધ્ય બનાવીને સાધ્યો છે એવા ધર્મીને ધન્ય છે. જુઓ! પૈસાવાળા ધૂડના ધણીને ધન્ય ન કહ્યાં! તેમ દાનમાં ખૂબ ધન ખર્ચનારને પણ ધન્ય નથી કહ્યાં. કેમ કે એ કાંઈ ધન્ય ચીજ નથી. અંતરમાં સત્‌ચિદાનંદ ધ્રુવ લક્ષ્મી પડી છે તેમાં યોગ એટલે કે જોડાણ કરીને શુદ્ધ નિર્મળભાવોને પ્રગટ કરે તે ધર્મી ધન્ય છે.

ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ;
લોકાલોક પ્રકાશકર, જાણે વિમળ સ્વભાવ. ૬૪.

પુણ્ય-પાપ આદિ પરભાવને જે ત્યાગે છે અને લોકાલોકને પ્રકાશનારા પોતાના નિર્મળ સ્વભાવને જે જાણે છે, સ્વીકારે છે એટલે કે પરભાવથી વિમુખ થઈને જે સ્વસન્મુખ દૃષ્ટિ કરે છે એવા ધર્માત્માઓ ધન્ય છે. એક સમયમાત્રમાં આખા લોકાલોકને જાણવાનો આત્માનો જ્ઞાનસ્વભાવ એવો અસાધારણ છે કે એવો સ્વભાવ બીજાં દ્રવ્યોમાં તો નથી પણ આત્માના બીજા કોઈ ગુણોમાં પણ એવો અસાધારણ સ્વભાવ નથી. એવા જ્ઞાનસ્વભાવ વડે જે પોતાના આત્માને જાણે છે અને તેમાં એકાગ્ર થાય છે તે ધન્ય છે—પ્રસંશનીય છે.

ભગવાન આત્માની પરમ સંપદાને રુચિપૂર્વક સાધતાં જગતના અન્ય પદાર્થોથી ઉદાસીનતા થઈ જાય છે. કદાચિત્ પુણ્યના ઉદયથી ચક્રવર્તી, કામદેવ, નારાયણ, પ્રતિનારાયણ, ઇન્દ્ર, ધરણેન્દ્ર, અહમિંદ્ર આદિ પદવીઓ પ્રાપ્ત થઈ હોય તોપણ તેમાં ધર્મીને મોહ થતો નથી. નિજપદની પૂર્ણ સાધના કરનાર ધર્મીને લૌકિક પદવીઓની જરાય ચાહના નથી. ધર્માનુરાગ, પંચપરમેષ્ઠીની ભક્તિ, શાસ્ત્રવાંચન, પૂજન, અનુકંપા આદિ શુભભાવો ધર્મી જીવને આવે છે. પણ તેનો તેને આદર હોતો નથી. શુદ્ધ સ્વભાવમાં ઠરી શકતો નથી તેથી શુભભાવમાં આવે છે પણ ધર્મી તે ભાવને કે તેના ફળને આદરતો નથી. ધર્મીને ધર્મપ્રચારનો વિકલ્પ આવે છે પણ તેને છોડવા લાયક સમજે છે, એક નિજપદની નિર્વિકલ્પ સાધનામાં જ ઉપયોગને રોકે છે, કેમ કે શુદ્ધસ્વરૂપમાં

જેટલી એકાગ્રતા થાય એટલો જ પોતાને લાભ છે. ધર્મપ્રચારથી કાંઈ પોતાના આત્માને લાભ થતો નથી. સંસારની સર્વ પ્રપંચ જાળથી વિરક્ત થઈને, સાત તત્ત્વ, નવ પદાર્થ આદિના વિકલ્પોને પણ ત્યાગીને ધર્મી જીવ એક શુદ્ધ નિજાત્માને ધ્યાવે છે અને પરમાનંદના અમૃતનું પાન કરે છે. અંતર સુધારસને પીએ છે. યોગીન્દ્રદેવ કહે છે કે આવા ધર્મી તે ધન્ય છે, પ્રસંશનીય છે, તે જ મહા વિવેકી અને પંડિત છે. પરમ ઐશ્વર્યવાન પણ એ જ છે.

એક તરફ ખૂણે બેઠો જ્ઞાની શાંતિથી... શાંતિથી પોતાના શાંતિનું વેદન કરે છે તે જ ધન્ય છે, પ્રસંશનીય છે, વિવેકી છે, પંડિત છે અને ઐશ્વર્યવાન છે. ધનવાન તે ઐશ્વર્યવાન નથી પણ આત્મસંપદાને લૂંટનારા ધર્મી તે ઐશ્વર્યવાન છે. ધર્મીજીવ નિજશુદ્ધાત્માની પ્રતીત–જ્ઞાન–રમણતારૂપ રત્નત્રયનો ધણી છે. રત્નત્રયનો ધણી તે જ ધનવાન છે. પૈસાવાળો ધનવાન નથી.

પ્રશ્ન :—તો પછી પૈસાવાળાએ શું કરવું ?

ઉત્તર :—પૈસાવાળાએ પૈસાનો મોહ છોડી, આત્માની રુચિ કરી રત્નત્રય પ્રગટ કરવા.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણ રત્નોને ધારણ કરનારો જ ભાગ્યવાન છે અને તે જ ભગવાન છે. અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સ્વામી થઈ તે અલ્પકાળમાં મોક્ષ પામશે–શીઘ્ર મોક્ષગામી થશે.

અહીં આત્માનુશાસનનું દૃષ્ટાંત આપે છે કે અતીન્દ્રિય આનંદના સ્વસંવેદનમાં મસ્ત બનેલાં દિગંબર સંતના શરીરે લાગેલી રજ–મેલ એ જેમનું ઘરેણું છે, પાષાણની શીલા એ જેમનું બેસવાનું સ્થાન છે, કાંકરીવાળી ભમિ એ જેમની શૈયા છે. સિંહ–વાઘની ગુફાઓ જેનું સુંદર ઘર છે, અનુભૂતિ જેની ગિરિગુફા છે અને જેમણે અજ્ઞાનની સર્વ ગાંઠોને તોડી પાડી છે અને જ્ઞાન-આનંદના ખજાના ખોલ્યાં છે એવા જગતથી ઉદાસ અને મુક્તિના પ્રેમી, સમ્યક્‌જ્ઞાનધની યોગીગણ અમારા મનને પવિત્ર કરો.

હવે ગૃહસ્થ હો કે મુનિ હો બંને માટે આત્મરમણતા જ સિદ્ધિ–સુખનો ઉપાય છે એમ કહે છે.

> મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન,
> શીઘ્ર સિદ્ધિ સુખ તે લહે, એમ કહે પ્રભુ જિન. ૬૫.

અત્યારે લોકોમાં કોઈ કહે છે કે ગૃહસ્થાશ્રમમાં આત્મરમણતા ન હોઈ શકે. આત્મરમણતા તો આઠમાં ગુણસ્થાને જ હોય તેની સામે આ ગાથા છે. જિનવર પરમાત્મા તીર્થંકરદેવ સો ઇન્દ્રોની હાજરીમાં સભામાં એમ ફરમાવે છે કે જ્ઞાન–દર્શન સહિત જીવ ગૃહસ્થાશ્રમમાં રહાને પણ આત્મામાં વસી શકે છે. વીતરાગના બિંબ

એવા જિનવરદેવની ઇચ્છા વિના વાણી ખરે છે. એમાં પણ આમ આવ્યું છે એમ જિનવરદેવની સાક્ષી આપીને યોગીન્દ્રદેવ કહે છે કે ગૃહસ્થ હોય કે મુનિ બંને માટે આત્મરમણતા જ સિદ્ધિસુખનો ઉપાય છે. ચોથા-પાંચમાં ગુણસ્થાનમાં ગૃહસ્થ પણ નિજ આત્મામાં વસે છે, વસી શકે છે. ગૃહસ્થાશ્રમમાં રાગ હોય પણ એનાથી નિવૃત્તિ થઈને સ્વરૂપમાં ધર્મી જીવ વસે છે, વસી શકે છે. મુનિ ઉગ્રપણે આત્મામાં વસે છે.

એક ન્યાય તો એમ કહે છે કે સમકિતીને ત્રણ કષાય છે, શ્રાવકને બે કષાય છે અને મુનિને એક કષાય છે પણ નિશ્ચયથી તો એ ત્રણેય આત્મામાં જ વસેલાં છે, કષાયમાં-રાગમાં વસતાં જ નથી. કેમ કે દરેકની દૃષ્ટિ એક આત્મા ઉપર છે, રાગાદિ છે તે તો જાણવા માટે છે. નિશ્ચયથી તો ધર્મી પોતાના આત્મામાં જ વસે છે.

સમકિતી ગૃહસ્થમાં રહેવા છતાં વિકલ્પોને છોડીને નિર્વિકલ્પસ્વભાવમાં વસે છે. સમકિતી કરતાં મુનિનો પુરુષાર્થ વિશેષ હોવાથી મુનિ ઉગ્રપણે સ્વભાવમાં સ્થિર થાય છે "આત્મા એટલે શુદ્ધભાવનો ભંડાર." રાગને તોડીને આવા નિજાત્માનો ભંડાર જે ખોલે છે તે તેમાં જ વસે છે. રાગાદિ હોય છતાં તેમાં તેનું વસવું નથી. જેમાં પ્રીતિ છે તેમાં જ તે વસ્યો છે. પુણ્ય-પાપ ભાવમાં ધર્મીને પ્રીતિ નથી તેથી તે એમાં વસ્યો છે એમ કહેવાય જ નહિ. ધર્મીને એક આત્માની જ પ્રીતિ હોવાથી તેને માટે આત્મા જ વસવાનો વાસ છે.

આ ગાથામાં ત્રણ વાત સિદ્ધ થઈ. એક તો જેણે અંતર્મુખ દૃષ્ટિ કરી શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા પ્રગટ કરી તે આત્મામાં જ વસે છે. બીજું એમ કે ગૃહસ્થાશ્રમમાં આત્મામાં વસવું ન હોય—એ વાતનો નિષેધ થયો અને ત્રીજું કે ધર્મીને વ્યવહાર હોય છે પણ એનું ધણીપણું નથી, તેમાં ધર્મીનો વાસ નથી.

ચોથા ગુણસ્થાનવાળો સમકિતી હો કે મુનિ હો બંનેની સ્થિરતાના અંશમાં ફેર છે પણ બંનેનું વસવું તો એક આત્મામાં જ છે, તેમાં ફેર નથી. વ્યવહારના રાગથી બંને મુક્ત જ છે તેમાં તેનો વસવાટ જ નથી. ગીત ગાય છે ને કે 'પરણી મારાં પીયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ રે બાંધુ' તેમ સમકિતી કહે છે, "લગની લાગી મારાં ચૈતન્યની સાથ, બીજાના ભાવ નહિ રે આદરું." "ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું. ભંગ ન પડશો રે પ્રીત જિનેશ્વર, બીજો મન મંદિર આણું નહિ." અખંડ આનંદ મારો પ્રભુ તેના હું ગુણગાન ગાઉં છું. પુણ્ય-પાપના ગુણગાન હું નહિ ગાઉં. મારા મનના મંદિરમાં વિકલ્પને સ્થાન ન આપું એ અમ કુળવટ રીત જિનેશ્વર! એ આમારાં અનંતા સિદ્ધોના કુળનો વટ છે.

જ્યાં જેની રુચિ, ત્યાં તેનો વસવાટ, જ્યાંથી રુચિ ઉઠી, ત્યાં તેનો વસવાટ નહિ. જેણે આત્માની રુચિ કરીને આત્મામાં વસવાટ કર્યો તે ભલે ગૃહસ્થ હો કે મુનિ હો

બંને અલ્પકાળમાં સિદ્ધિસુખને પામશે. જ્યાં જેની પ્રીતિ લાગી છે ત્યાં જ એ ઠર્યા છે. બીજે ઠરવું એને ગોઠતું નથી. જેને પ્રભુતાના ભણકારા વાગ્યા તેનો વસવાટ આત્મા સિવાય બીજે ક્યાંય ન હોઈ શકે. વનવાસી દિગંબર સંત મહા લક્ષ્મીના સ્વામી યોગીન્દ્રદેવ ભગવાનની વાણીનો આધાર લઈને આમ ફરમાવે છે.

ધર્મીને આત્માના રસ આડે બીજે ક્યાંય રસ લાગતો નથી, સૂજ પડતી નથી. જેણે આત્માની શ્રદ્ધા-જ્ઞાન-રમણતા કરી તે ગૃહસ્થ હો કે મુનિ બંને આત્મામાં જ વસે છે. આ વાતની ના ન પાડ ભાઈ! ના ન પાડ! જિનદેવનું આ ફરમાન છે, તેની તું ના પાડીશ તો તું જિનવરદેવનો વેરી થઈશ. જિનવરનો વેરી તે આત્માનો વેરી. મિથ્યાદૃષ્ટિ સમકિતી થયો એટલે બહિરાત્મામાંથી અંતરાત્મા થયો. હવે અંતરાત્મા થયો તો એની દૃષ્ટિમાં-એના વસવાટમાં કાંઈ ફેર પડે કે નહિ? રાગમાં વસવાટ તો બહિરાત્માનો છે, તો અંતરાત્માનો વસવાટ રાગમાં ન હોઈ શકે, તેનો વસવાટ આત્મામાં છે. આમ કાંઈક વિચાર ભાઈ! સીધી ના ન પાડી દે.

જે કોઈએ આત્માની શ્રદ્ધા-જ્ઞાન-રમણતા પ્રગટ કરી છે તે ગૃહસ્થ કે મુનિ દરેક અલ્પકાળમાં આત્માની પૂર્ણ લક્ષ્મી-સિદ્ધિસુખને પામવાના...પામવાના અને પામવાના જ.

અહા! જંગલમાં રહેનારા વીતરાગી સંતો તો જુઓ! જંગલમાં સિંહ ત્રાડ પાડે એમ મુનિરાજ ત્રાડ પાડીને સત્‌ની જાહેરાત કરે છે. સિદ્ધ ભગવાન જેવો શુદ્ધાત્માનો અનુભવ કરી રહ્યા છે તેવો જ અનુભવ સમ્યગ્દૃષ્ટિને થાય છે. અતીન્દ્રિય આનંદની જાતમાં ફેર નથી. સિદ્ધ અને સાધક બંને એક જ જાતના અતીન્દ્રિય આનંદ અનુભવી રહ્યાં છે. જે સાધન વડે અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે તે જ સાધન સિદ્ધિસુખનો ઉપાય છે એટલે કે દર્શન-જ્ઞાન અથવા તો અતીન્દ્રિય આનંદ પોતે જ પૂર્ણ આનંદનું સાધન છે.

માટે અતીન્દ્રિય આનંદ જ પૂર્ણાનંદ સિદ્ધિસુખનો સાધક છે, એ સિવાય અન્ય કોઈ વ્યવહાર આદિ સાધક નથી. સ્વાનુભવ જ નિશ્ચય મોક્ષમાર્ગસ્વરૂપ રત્નત્રય છે, કેમ કે સ્વાનુભવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય સમાય જાય છે. તેથી કહે છે કે સ્વાનુભવ અતીન્દ્રિય આનંદ જ મોક્ષમહેલની સીધી સડક છે. અહીં મુનિરાજે વિકલ્પ આદિના તો ભૂકા ઉડાડી દીધાં છે. ક્યાંય વિકલ્પનું સ્થાન જ નથી. અતીન્દ્રિય આનંદ જ પૂર્ણાનંદ સુધી પહોંચાડશે, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. શુભવિકલ્પ આદિ વ્યવહાર સાથે હોય પણ તે કોઈ માર્ગ નથી, ઉપાય નથી. હિંસા, જુઠું, ચોરી, પરિગ્રહ, અબ્રહ્મ આદિનો ત્યાગ, મન-વચન-કાયની શુભ પ્રવૃત્તિ આદિ વિકલ્પો બધાં છે ખરાં પણ તે વ્યવહાર ચારિત્ર છે. નિશ્ચય ચારિત્ર તો એક અતીન્દ્રિય આનંદરૂપ સ્વાનુભવ જ છે.

હવે કહે છે કે...

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ,
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬.

ભગવાન આત્મા શુદ્ધ, આનંદનો પિંડ છે, એને તો કોઈ વિરલા પંડિત જ જાણે છે. શુદ્ધાત્મતત્ત્વની વાત સાંભળનાર પણ વિરલા જ હોય છે. એ તત્ત્વનું ધ્યાન પણ કોઈ વિરલા જ કરે છે.

લોકાલોકને જાણનાર આત્માને જાણનાર જ્ઞાની કોઈ વિરલા જ હોય છે. એવા જ્ઞાની પાસેથી તત્ત્વની વાત સાંભળનારા પણ કોઈ વિરલા જ હોય છે. વ્યવહારના રસિયા, પુણ્યના રસિયા, સંસારના રસિયાને આ વાત સાંભળવી બહુ કઠણ પડે છે માટે કહે છે કે તત્ત્વની વાત સાંભળનાર શ્રોતા પણ દુર્લભ છે. એથી પણ વિશેષ શુદ્ધાત્મતત્ત્વનું ધ્યાન કરનાર વધુ વિરલ છે. જુઓ! અહીં પૈસાવાળાને કે આબરૂવાળાને કે બેઠી આવકવાળાને વિરલ ન કહ્યાં પણ શુદ્ધાત્માને જાણનારને વિરલ કહ્યાં. ખરેખર અતીન્દ્રિય આનંદની બેઠી આવક તો આત્માનું ધ્યાન કરનારને મળી રહી છે. આત્માનું સ્વરૂપ ધારણામાં લઈને અનુભવ કરનારા કોઈ વિરલા જ હોય છે.

આમ આ ગાથામાં યોગીન્દ્રદેવે શુદ્ધાત્મતત્ત્વના પ્રેમી જીવોની દુર્લભતા બતાવી છે.

( ક્રમશ: )

—o—

[ બંધ–મોક્ષથી રહિત......પેજ ૧૧ થી ચાલુ ]

કહેવાય. જ્યાં પર્યાયને દ્રવ્યનો સ્પર્શ પણ નથી ત્યાં આશ્રય શી રીતે લ્યે ?—દ્રવ્યની સન્મુખ પર્યાય થાય ત્યારે દ્રવ્યનો આશ્રય પર્યાયે લીધો તેમ કહેવાય.

શુદ્ધ નિશ્ચયનયથી દ્રવ્યમાં ન તો બંધ છે ને ન તો મોક્ષ છે. પણ અશુદ્ધનયથી બંધ ને મોક્ષ છે, તેથી મોક્ષનો પ્રયત્ન કરવો ઘટે. બંધ ને મોક્ષની પર્યાય વ્યવહાર-નયનો વિષય છે, તેથી બંધની પર્યાયના નાશ માટે, મોક્ષનો પુરુષાર્થ કરવામાં આવે છે.

તાત્પર્ય એ છે કે પર્યાય વિનાનો ભગવાન આત્મા તે ઉપાદેય છે. સિદ્ધ સમાન એટલે કે ત્રિકાળી શુદ્ધ એવો નિજ આત્મા ઉપાદેય છે. પણ કોને ઉપાદેય છે કે જેણે અનુભતિ દ્વારા ઉપાદેય બનાવ્યો છે ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. શુદ્ધાત્માના સન્મુખની અનુભતિરૂપ પરિણમન થાય ત્યારે તેને આત્મા ઉપાદેય થયો છે. એમ ને એમ ઉપાદેય–ઉપાદેય કરે— ધારણામાં રાખે તેને આત્મા ઉપાદેય નથી.

—:※:—

# સ્વસંવેદન દ્વારા આત્માને પ્રત્યક્ષ કર

શ્રી ઈષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

[ પ્રવચન ૧૮ મું ]

આજ ચૈત્ર સુદ તેરસ છે, મહાવીર ભગવાનનો જન્મ દિવસ છે. પ્રભુ મોક્ષ પધાર્યા તે પહેલાં ૭૨ વર્ષ પહેલાં પ્રભુ આજના દિવસે જન્મ્યાં હતાં. પણ એ જન્મ તો દેહનો હતો, દેહ તો જડ છે. અંદર આત્મા બિરાજે છે તે ભગવાન છે. અહીં ગાથા પણ એવી જ આવી છે કે આત્મા સત્ ચિદાનંદ પ્રભુ છે.

આ દેહમાં રહેલો ભગવાન આત્મા સત્ છે. સત્ છે એટલે નવો બનાવેલો નથી. અકૃત્રિમ છે. તેનો કદી નાશ થતો નથી. આત્મા અણ-ઉત્પન્ન અને અવિનાશી તત્ત્વ છે. દરેક આત્મા સત્ છે. મહાવીર પરમાત્માનો આત્મા પણ અનાદિથી હતો. સંસારમાં રખડતો હતો. મહાવીર થયા પહેલાં પૂર્વભવમાં એ આત્માએ દેહના અણુ-અણુથી અને પુણ્ય-પાપના વિકારી ભાવોથી ભેદજ્ઞાન કરી નિજ આત્માનું સંવેદન-સ્વાનુભવ કર્યો હતો. દેહમાં રહેલો ભગવાન ચૈતન્યસૂર્ય છે એનો અનુભવ કર્યો હતો.

વીરપ્રભુ મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાન તો જન્મથી લઈને આવ્યા હતાં, પછી દીક્ષા લઈ ને મનઃપર્યય પ્રગટાવ્યું અને પૂર્ણાનંદ જ્ઞાનની શક્તિને વ્યક્ત કરી કેવળજ્ઞાન પ્રગટ કર્યું. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ભરી છે, તેને પત્થર સાથે ઘસવાથી તે તીખાશ બહાર આવે છે, પણ તે તીખાશ પત્થરમાંથી નથી આવી, પીપરમાંથી જ આવી છે. પત્થરમાંથી આવે તો તો કોલસો ઘસતાં પણ તીખાશ આવવી જોઈએ. પણ એમ નથી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. પીપરના દાણામાં તીખાશ શક્તિરૂપે-સ્વભાવરૂપે હતી તે વ્યક્ત થઈ છે. કુવામા હોય તો જ અવેડામાં પાણી આવે. તેમ અંદર સ્વભાવમાં હોય તો જ જ્ઞાન બહાર પ્રગટ થાય.

જીવ બહારની ક્રિયા કરવામાં અટકી જાય છે. નરસિંહ મહેતા પણ લખે છે ને કે 'જ્યાં લગી આતમા તત્ત્વ ચિહ્ન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી, શું થયું તપ ને તીર્થ કીધાં થકી ? શું થયું માળ ગ્રહી નામ લીધે ? શું થયું ધરી જટા, ભસ્મ લેપન કર્યે ? શું થયું વાળ લોચન કીધે ?' આ બધી ક્રિયા એકડા વગરના મીંડા જેવી છે. આત્માનું કલ્યાણ-જન્મ-મરણના અંત આત્મભાન વગર કદી ન થઈ શકે. દુનિયા પોતાના ચૈતન્યની કિંમત ન કરતાં પરપદાર્થ અને ક્રિયાની કિંમત કરે છે.

લીંડીપીપરને ઘૂંટતાં તીખાશ પ્રગટ થાય છે તેમ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા કરતાં આત્માની કેવળજ્ઞાન શક્તિ પ્રગટ થાય છે. આ તો સમજાય તેવું છે.

પણ જો દુનિયાની ઝંઝટ છોડી આત્માને ઓળખવાનો ટાઈમ કાઢે તો સમજાય ને! જીવને દુનિયાની ઝંઝાળમાં પોતાનું સત્‌ચિદાનંદ રત્ન ભૂલાઈ ગયું છે.

મહાવીર ભગવાનનો જન્મદિવસ કેમ ઉજવાય છે?–કે મહાવીર પ્રભુએ પોતાના આત્માનું હિત કરીને જન્મ-મરણનો અંત કર્યો છે તેથી એમનો જન્મ દિવસ ધન્ય છે માટે ઉજવાય છે.

જેમ લીંડીપીપરની કાળાશની પાછળ પૂરી તીખાશ અને લીલો રંગ પડયો છે તેમ આ દેહ, કર્મ અને ક્રોધ, માન, માયા, લોભ આદિના વિકારની પાછળ આખો સત્‌ચિદાનંદ પ્રભુ અનંતી શક્તિ સહિત બિરાજમાન છે. તેને જેણે પ્રગટ કર્યો છે એવા મહાવીર પરમાત્માની આ જન્મજયંતી ઉજવાય છે.

આજે પરિવર્તનનો પણ દિવસ છે. ચૈત્ર સુદ તેરસને મંગળવારે મધ્યાન્હે ૧ા વાગ્યે પરિવર્તન કર્યું છે.

મનુષ્યજન્મની સફળતા તો આત્માનું ભાન કરવાથી છે. ૨૫–૫૦ લાખ રૂપિયા મળવાથી જીવનની સફળતા નથી. પૈસા તો સોજા છે, સાચું શરીર નથી. અહીં શ્લોક પણ એવો આવ્યો છે કે જેના હાથમાં અમૂલ્ય ચિંતામણિ રત્ન આવ્યું છે એ સડેલાં ખોળનો ટૂકડો માંગે કે મોટા મહેલ માગે? કરોડો ને અબજોના મહેલ જ માગે. તેમ જેની દૃષ્ટિમાં પોતાનો સત્‌ચિદાનંદ પ્રભુ-ચિંતામણિ પ્રાપ્ત થયો–તેમાં એકાગ્ર થયો તે જીવ આત્માની શાંતિ આગળ સડેલાં ખોળના ટૂકડાં જેવા સ્વર્ગના વૈભવોની ઈચ્છા કેમ રાખે? એને તો આત્માની અપૂર્વ શાંતિ આગળ સ્વર્ગના વૈભવોની કાંઈજ કિંમત નથી.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગરની અમૂર્તિક એક વસ્તુ આત્મા છે ને! તો એ વસ્તુ અનાદિ અનંત શાશ્વત છે. આ આત્માએ અજ્ઞાનવશ અનંત ભવ કર્યા. સ્વર્ગ, નરકાદિના અનંતા ભવ કર્યા અને અનંતા દુઃખ વેઠયાં. અનંતા ભવોમાં એને શું નથી મળ્યું? એક શુદ્ધ આત્મા સિવાય બધું જ મળી ચૂકયું છે. એમાં હવે જો આત્માનું ભાન કરે તો જાણે અમૂલ્ય ચિંતામણિ મળ્યો! આનંદનો-શાંતિનો સાગર મળ્યો.

પુણ્યનો ઉદય હોય તેને લીંબુમાંથી પણ મહા કિંમતી માણેક મળે. પણ તેથી આત્માને શું લાભ? એક શેઠે માણેક કાઢીને પટેલને બતાવ્યું. પટેલ! આ મોતી બહુ પાણીદાર છે. પાણીના દરિયા ભર્યા છે મોતીમાં. પટેલ કહે શેઠ! મારી પછેડીનો છેડો પલળે તો માનું કે મોતીમાં પાણી છે. અરે પટેલ! એ મોતીના પાણી એની ચમક-તેજી એનો પ્રકાશ પછેડીએ ન પરખાય એ તો નજરથી પરખાય. તેમ આ ભગવાન આત્મા અનંતી શાંતિ–આનંદ આદિ અનંતા ગુણોનો દરિયો છે તેનું પારખું નજરથી થાય. અંતરમાં દૃષ્ટિ કરવાથી આત્મરતનનું પારખું થાય. બહારની ક્રિયા કરવાથી કે મંદરાગથી આત્માનું પારખું ન થાય ભાઈ!

અહીં ૨૧ માં શ્લોકમાં કહે છે કે સ્વસંવેદનથી આત્મા ઓળખાય છે.

નિજ અનુભવથી પ્રગટ જે, નિત્ય શરીર પ્રમાણ,
લોકાલોક વિલોકતો, આત્મા અતિ સુખવાન. ૨૧.

આ બ્રહ્માંડના–આકાશના બે ભેદ છે, લોક અને અલોક. અસંખ્ય યોજનની અંદર જ લોક છે જેમાં જડ–ચૈતન્યનો વાસ છે, બાકીની ખાલી જગ્યા કે જેનો પાર નથી એવા અપાર આકાશને પણ આ આત્મા એક સમયમાં જાણી લે છે. એક સમયમાં લોકાલોકને જાણી લે એવી અનંતી શક્તિવાળા આત્માને કેવી રીતે જાણવો?–કે સ્વસંવેદનથી આત્માને જાણવો. અહીં તો આત્માની વાત છે. કેટલાકને એમ થાય કે મહારાજ પાસે પૈસો બહુ લાગે છે અને મહારાજના ભક્તો પણ પૈસાવાળા છે પણ ભાઈ! અમારી પાસે પૈસા કેવા? અમારી પાસે તો આત્મા છે.

વાણીમાં જેની મહિમા ગાઈ ન શકાય એવી વચનાતીત મહિમાનો ધારી આત્મા પોતાના માટે વ્યક્ત જ છે. યોગીજનોએ પોતાના આત્માને સુવ્યક્ત જોયો છે. અરે! ઘી જેવી માસુલી વસ્તુના સ્વાદને કોઈ ઉપમા આપીને કહી નથી શકાયો, તો પછી આત્મા જેવી ઉત્તમ વસ્તુને શેની ઉપમા અપાય? એ અનુપમ વસ્તુને કોઈની ઉપમા આપીને સમજાવી શકાતી નથી પણ અનુભવથી ગમે તે વ્યક્તિ જાણી શકે છે, કેમ કે તે સુવ્યક્ત છે. તેથી શ્લોકમાં શબ્દ વાપર્યો છે 'स्वसंवेदन सुव्यक्त' સુવ્યક્ત પ્રભુ! તારું સ્વરૂપ પ્રમાણસિદ્ધ છે, ન જાણી શકાય તેવું નથી.

ભાઈ! આ દેહરૂપી માટીના પિંડમાં વિલાસ કરતા આત્માનું સુવ્યક્તપણું ક્યારે થાય? કે આ જાણી રહ્યો છે તે ચૈતન્ય છે, જ્ઞાનનો અંશ છે તે ચૈતન્યનો છે–એમ અંતરમાં સ્વસંવેદન થતાં આત્મા પ્રગટ... પ્રગટ...પ્રગટ જાણવામાં આવે છે, અનુભવમાં આવે છે. દેહ, મન, રાગ, વિકલ્પ, વાણી આદિથી પાર એવો આત્મા પ્રગટ અનુભવમાં આવે એવો એ પ્રમાણસિદ્ધ આત્મા છે. ભાઈ! પરદ્રવ્યને તો જીવ ભોગવી શકતો જ નથી. પૈસો ખૂબ હોય પણ તેને પૈસાવાળો ભોગવી શકતો નથી. પણ પૈસાનાં રાગને ભોગવીને તેમાં આનંદ માને છે કે મેં પૈસો ભોગવ્યો. આવી જીવની મૂઢતા છે. આવી મૂઢતા તો તું અનાદિથી કરતો આવ્યો છો. ભાઈ! આ મનુષ્ય ભવમાં તે નવું શું કર્યું? અહીં તો કહે છે કે તું તારા આત્માનું સ્વસંવેદન કર! તે તારી અપૂર્વ દશા છે, તે નવીનતા છે.

પરમાત્મા મહાવીરપ્રભુએ જીવોને સ્વસંવેદન કરવાનો આ ઇષ્ટ ઉપદેશ આપ્યો છે પણ દેવ કે ગુરુ કાંઈ તેને સ્વસંવેદન કરાવી આપે એમ તો ન બની શકે. પોતે કરે તો થાય. જીવને નવરાશ ક્યાં છે? કામ ઘણાં રહ્યાં ને! પ્રભુ કહે છે કે ભાઈ!

તું મારી નાતનો છો. મારી અને તારી જાતમાં ફેર નથી. શક્તિ-વ્યક્તિનો ફેર છે. મેં પ્રગટ કર્યું અને તેં નથી કર્યું. બાકી મારા કરતાં તારામાં કાંઈ ઊણપ છે એમ તું માન તો તને તારા આત્માની જ ખબર નથી. ભાઈ! તને તારી સંસારની મોજ-મજા પ્રત્યક્ષ જણાય છે પણ એને જાણનારો તું પોતે તને નથી જણાતો, એનો પ્રશ્ન તને કેમ ઉઠતો નથી? એક વાર તો પ્રશ્ન ઉઠાવ! પુરુષાર્થ કર! તને આત્માની શાંતિ અવશ્ય પ્રગટ થશે.

અનંત....અનંત...અનંત આકાશ કે જેનો ક્યાંય પાર નથી એવા આકાશને પણ આ ભગવાન આત્મા એક સમયમાં જાણી લેવાની શક્તિવાળો છે. કોઈનું કાંઈ આત્મા કરી ન દે પણ જાણે બધાંને.

અરીસામાં જેમ બધું દેખાય છે તેમ આ ચૈતન્યઅરીસામાં આખું જગત અને અલોક બધું એકીસાથે જાણવાની શક્તિ છે. આવી આ ચૈતન્યજ્યોતને જ્યાં સુધી પોતે સ્વસંવેદનમાં નહિ લે ત્યાં સુધી ચાર ગતિના ભ્રમણનો અંત નહિ આવે. આ જ્ઞાનાનંદ આત્મા અનંત સૌખ્યવાન છે. ભાઈ! તેનો વિશ્વાસ લાવ. તારામાં જેવો આનંદ છે તેવો આનંદ આખા જગતમાં, અરે! ઇન્દ્રના ઇન્દ્રાસનમાં પણ ક્યાંય નથી. જેનો સ્વતઃ સ્વભાવ જ સુખ અને આનંદસ્વરૂપ છે પછી એની હદ શું હોય! સ્વભાવને મર્યાદા શી! આવા અમર્યાદ સ્વભાવસુખના ધણી એવા આત્માની અનંતકાળથી તેં દરકાર કરી નથી અને દેહની દરકાર કરતો આવ્યો છો પણ એ દેહ તો પ્રત્યક્ષ ભિન્ન છે, એ તારી સાથે નહિ આવે. તારી સાથે તો તારી ભૂલ આવશે, તે તને નડશે. માટે તું પહેલાં જ ભૂલ ભાંગવાનો પ્રયત્ન કર! સ્વસંવેદન એ એક જ ભૂલ ભાંગવાનો ઉપાય છે તેને પ્રગટ કર.

સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કર, તો તારાં જન્મ-મરણનો અંત આવી જશે. ભાઈ! તું જડનું ધણીપણું કરવાનું હવે છોડી દે. જડમાં જરા પણ ફેરફાર કરવાની શક્તિ તારામાં નથી માટે તું જડનો અધિકારી ન થા! સ્વસંવેદનમાં આત્માને પ્રગટ કરવો એ તારો અધિકાર છે તેને પ્રગટ કર ને! તારો જે અધિકાર છે તેને તું હાથમાં લેતો નથી અને જડનો અધિકારી થવા જાય છે તે તારી મૂર્ખાઈ છે. હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.

જેમ કાચા ચણાને શેકવાથી સ્વાદ મીઠો આવે પણ તે વાવો તો ઉગે નહિ. તેમ આત્માનું ભાન થયે જન્મ-મરણના અંકુરા નાશ થાય ને આત્માના આનંદનો સ્વાદ આવે. આત્માના આનંદનો સ્વાદ આવે અને જન્મ-મરણ કરે નહિ—એવા આત્માને ભગવાન સર્વજ્ઞ કહે છે તેમ ઓળખવો, વિચારવો, મનન કરવો ને વારંવાર સત્સમાગમે ધારણ કરવો એ મનુષ્યપણાના સફળપણાનું કર્તવ્ય છે. (ક્રમશઃ)

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

**सधनः अपि भवति निधनः धनहीन : तथा च इरेश्वरः भवति ।**
**राजा अपि भवति भृत्यः भृत्यः अपि च भवति नरनाथः ॥ ५६ ॥**

અર્થ :—ધનવાન હોય તે નિર્ધન થઈ જાય છે એ જ પ્રમાણે નિર્ધન હોય તે ઈશ્વર થઈ જાય છે, વળી રાજા હોય તે કિંકર થઈ જાય છે અને કિંકર હોય તે રાજા થઈ જાય છે. ૫૬.

રાગ જુદા જુદા પ્રકારનો, તેના ફળમાં સંયોગ મળ્યો તે પણ જુદા જુદા પ્રકારનો અને તે વખતે જીવનો ક્ષયોપશમ પણ તે જાતનો હોય છે. સધનતામાંથી નિર્ધનતા થઈ જાય ત્યાં તે વખતે જ્ઞાનમાં પણ તેવું જ જાણવાનો ક્ષયોપશમ છે. એટલે જ્ઞાનની પ્રતીત પણ ધર્મીને ભેગી જ છે. એક માણસ પાસે લક્ષ્મી છે, ત્યારે તેના જ્ઞાનની પર્યાયમાં "લક્ષ્મી છે" એમ તે જાણે છે, ને તે રાગ કરે છે. ત્યાં જ્ઞાનગુણ તો ત્રિકાળ છે, જ્ઞાનને કારણે લક્ષ્મી આવતી નથી. લક્ષ્મીને કારણે જ્ઞાન થયું નથી, લક્ષ્મીને કારણે રાગ પણ થયો નથી. રાગ પોતાની લાયકાતથી થયો છે. જ્ઞાનનો પર્યાય પોતાથી ખીલ્યો છે, ને ધંધાનો સંયોગ જડના કારણે થયો છે. આમ સ્વતંત્રતા જાણીને સ્વભાવનું જ્ઞાન કરવું જોઈએ. વળી જ્યારે સધનતામાંથી નિર્ધનતા થઈ જાય ત્યારે જ્ઞાનનો તે વખતનો ક્ષયોપશમ તેવું જાણવાનો છે. દ્વેષનો અંશ આવી જાય, તે નિર્ધનતાના કારણે નથી. સંયોગ સત્, જ્ઞાન સત્ ને દ્વેષનો અંશ પણ સત્! નિર્ધનપણાના કારણે જીવ દુઃખી નથી, પણ પોતાના દ્વેષ ભાવને કારણે દુઃખી છે, તે દ્વેષ પર્યાયને જો પોતાની જાણે તો પર્યાયવાન્ એવું દ્રવ્ય પ્રતીતમાં આવ્યા વિના રહે નહિ.

ત્રણ લોકના નાથે કહેલી ને વસ્તુના સ્વભાવમાં ભજેલી એવી આ ચીજ છે, તે પ્રમાણથી કહેવાય છે. મોક્ષમાર્ગની આ જ રીત અને આ જ પ્રકાર છે. બીજો માર્ગ નથી. નિર્ધનતા થઈ, જ્ઞાનમાં તે જણાયું અને અણગમો થયો ત્યાં અજ્ઞાની તેટલાને જ દેખે છે; પણ તે વખતે પોતાના જ્ઞાનાનંદસ્વભાવને દેખતો નથી. અરે ભાઈ! તું નિર્ધન નથી, તારામાં ત્રિકાળ જ્ઞાનશક્તિનો ભંડાર ભર્યો છે, તેમાં એકાગ્ર થા તો કેવળજ્ઞાન પ્રગટે—એવા નિધાન તારામાં ભર્યા છે. જ્ઞાનગુણ ત્રિકાળ છે ને તેની પર્યાય સ્વતંત્ર તે તે કાળે થાય છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં ધર્મી જાણે છે કે અરે! જીવો અંતર્મુખ વળતા નથી! ધર્મી પોતે અંતર્મુખ થઈને આવી ભાવના કરે છે.

જુઓ આ સત્‌નો મેળ! નિર્ધનતા થઈ તે તેનો કાળ છે, જ્ઞાનમાં તેવું જાણવાનો ક્ષયોપશમ થયો, તે જ્ઞાનનો કાળ છે. તે કાળે દ્વેષનો અંશ આવ્યો તે ચારિત્રની પર્યાયનો કાળ છે. આવી પ્રતીત કરે તો અંદરમાં બધું સમાધાન થઈ જાય ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. જ્ઞાનીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે. તેથી નિર્ધનતામાં કે દ્વેષના અંશમાં કે તે વખતના ક્ષયોપશમમાં જ તેને 'હું પણું'' વેદાતું નથી, પણ ચિદાનંદ અખંડ તત્ત્વમાં જ હું પણું વેદાય છે.

નિર્ધનમાંથી સધન થયો ત્યાં અજ્ઞાનીને એકતાબુદ્ધિથી રાગ થાય છે, ને સધનમાંથી નિર્ધન થાય ત્યાં એકતાબુદ્ધિથી દ્વેષ થાય છે, ધર્મીને તે વખતે સ્વભાવનું ભાન છે એટલે પર્યાયબુદ્ધિ થતી નથી ને સ્વભાવને ચૂકીને તેને રાગદ્વેષ થતાં નથી. એવા ધર્મીને યથાર્થ સંસારભાવના હોય છે.

જ્ઞાની જીવ સંસાર ભાવનાનો વિચાર કરે છે. અહો! જ્ઞાનસ્વભાવ વડે સ્વને જાણતાં પરપ્રકાશક જ્ઞાન ખીલે છે ને પરને જાણવાનો જેવો જ્ઞાનપર્યાય ખીલે છે તેવા સંયોગો સામે હોય છે. જ્ઞાન ખીલ્યું માટે સંયોગોને આવવું પડ્યું એમ પણ નથી, ને સંયોગો આવ્યા માટે પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું એમ પણ નથી.

સમય સમયનો રાગપર્યાય સમય સમયનો જ્ઞાનપર્યાય ને નિમિત્તોની સમય સમયની પર્યાય—ત્રણે જુદે જુદા છે—સ્વતંત્ર છે. શુભરાગને લીધે નિમિત્તો નથી ને નિમિત્ત તથા શુભરાગને લીધે જ્ઞાનપર્યાય નથી.

ધર્મી જીવ સંસાર ભાવનાનો વિચાર કરે છે કે અહો! નિર્ધનપ્રાણી ઈશ્વર એટલે કે સધન થઈ જાય છે. કોઈને દેવ આવીને પ્રસન્ન થઈ જાય છે—કારણ શું? કારણ કાંઈ નથી, નિમિત્ત કારણ લેવું હોય તો પૂર્વનાં પુણ્ય ને તેનું કારણ તેના પૂર્વના શુભ પરિણામ લક્ષ્મીના ગંજ આવ્યા તે વખતે જ્ઞાનનો પર્યાય તે લક્ષ્મીને જાણવાની લાયકાતવાળો છે. જ્ઞાનીને પોતાનો સ્વ-પરપ્રકાશ સ્વભાવ ખીલ્યો છે. જ્ઞાનમાંથી જ્ઞાન પ્રગટ્યું છે. પરને લીધે પ્રગટ્યું નથી. પોતાના જ્ઞાનમાં રહીને રાગનું ને લક્ષ્મીનું જ્ઞાન વર્તે છે.

અજ્ઞાની જીવ પોતાની હોશિયારીથી પૈસા આવ્યા એમ માને છે ને તેથી મને રાગ થયો એમ માને છે ને તેથી મને જાણવું થયું એમ માને છે—આમ એકત્વબુદ્ધિ કરે છે. જ્ઞાની વિચારે છે કે બુદ્ધિહીન પુરુષો પણ પૂર્વ પુણ્યને લીધે ધનાઢ્ય થઈ જાય છે. પૂર્વનો શુભભાવ, કર્મ લક્ષ્મી વગેરેને જેમ છે તેમ જ્ઞાની જાણે છે. લક્ષ્મી લક્ષ્મીના કારણે આવે છે તેમાં પુણ્ય નિમિત્ત છે એમ જાણે છે. ચૈતન્યનો સાધક જીવ જ્ઞાનની ભાવના ભાવે છે.

આ બધી ભાવના આનંદની ઉત્પત્તિ કરનાર છે. રાગ ઘટતો જાય છે ને સમયે સમયે શાંતિનો અંશ વધતો જાય છે. હું જ્ઞાયક છું એવા સ્વભાવના ભાનપૂર્વક એકાગ્રતા થતી જાય છે તે ભાવના છે.

સધનપણું તે ઠીક છે, એ વાત તો છે જ નહિ પણ આ પર્યાય આવી કેમ? ધનના પરમાણુઓ કેમ આવ્યા? પૂર્વના પુણ્યને લીધે આવ્યા એમ કહેવું તે વ્યવહાર છે. તારો જ્ઞાનસ્વભાવ તેને જાણવાનો હતો એમ કહેવું તે પણ વ્યવહાર છે. લક્ષ્મીના પરમાણુનું આવવું સ્વતંત્ર થાય છે એમ જ્ઞાની વિચારે છે.

ઊંધી માન્યતામાં તે રાગ જેટલો હું છું, એક સમયનો પર્યાય તે હું છું એમ માનનાર પર્યાયબુદ્ધિવાળો જીવ નિર્ધન છે. તે આત્માની શ્રદ્ધા કરે તો સધન થાય છે.

કોઈ પ્રશ્ન કરે કે પૈસાવાળા મોટા કહેવાય?

સમાધાન :— વ્યવહારે બોલાય, પણ તેની પર્યાયમાં મમતા ભજે છે માટે મમતાવાળા કહેવાય. લક્ષ્મી કાંઈ પર્યાયમાં આવતી નથી, પણ પર્યાયમાં મમતાના પરિણામ છે તેથી મમતાવાળા કહેવાય. અધર્મી જીવને એકલી મમતા છે, ચૈતન્યનું ભાન નથી. વિચાર કરનારો જાગ્યો નથી તેને મમતા અને ચૈતન્યની એકતા ભાસે છે તેથી તેને ધર્મ થતો નથી. તે ધર્મને તો જાણતો નથી પણ મમતાના યથાર્થ સ્વરૂપને પણ જાણતો નથી.

જ્ઞાની જાણે છે કે મમતામાં ચૈતન્ય નથી ને ચૈતન્યમાં મમતા નથી એમ નક્કી કરતાં ચૈતન્યનું જ્ઞાન થતાં મમતાનું જ્ઞાન પણ થઈ જાય છે. જ્ઞાની સમજે છે કે પૂર્વ પુણ્યના યોગે જે સંયોગો મળવાના તે મળવાના. અજ્ઞાની માને કે વહેલા ગયા હોત તો વધારે રૂપિયા મળત, એમ તે પર સાથે એકત્વબુદ્ધિ કરે છે.

હવે કહે છે કે રાજા હોય તે કિંકર થઈ જાય છે. તેનું કારણ? ખરેખર કિંકર થવાનો સમય હતો માટે થયો છે. બહારથી પૂર્વનાં કર્મનું કારણ છે. કોઈ નોકર હોય તે રાજા થઈ જાય છે. જ્ઞાની જીવ ચિદ્‌ઘનનો વિચાર કરતાં સંયોગનું જ્ઞાન કરે છે. ધર્મીને અનુકૂળ સંયોગોને લીધે અભિમાન થતું નથી.

જુઓ, આ ૫૬ મી ગાથા છે. ૫ ને ૬ નો સરવાળો કરવાથી ૧૧ એટલે કે બે એકડા થાય છે. એકો બાદશાહ છે તે મોટો છે. તેમ આ ૫૬ મી ગાથા આજે આવેલ છે. આ માનસ્તંભની મોટી ભેરી વગાડી છે. સત્ય સમજવું હોય તો વીતરાગ માર્ગમાં છે એમ માનસ્તંભ જાહેર કરે છે.

ચૈતન્ય અને રાગની વચ્ચેનું ભેદજ્ઞાન ધીરજવાળો કરી શકે છે. અહીંની વાત ન સમજાય તો ભટકાય તેવી છે. એટલે કે નવાને એકદમ ખ્યાલમાં ન આવે એવી છે. માટે

ધીરજથી સાંભળવું જોઈએ. અનંતકાળના અનંત ભવોમાં રાગ શું, ચૈતન્ય શું, ધર્મ શું—તે યથાર્થ રુચિપૂર્વક સાંભળ્યું નથી. જ્ઞાનીના કહેવાનો ભાવ પોતાને બેસે તો વાત સાંભળી કહેવાય. જ્ઞાની સંસાર ભાવના વિચારતાં વિચારે છે કે રંકથી રાજા થાય, રાજામાંથી રંક થાય એ બધો સંયોગી સ્વભાવ છે તેમાં તેને અદ્દભુતતા લાગતી નથી.

વળી કેટલાક જીવો માને છે કે આપણી પાસે નીતિથી રળેલો પૈસો છે માટે તે જશે નહિ. કષાયમંદતા તો જીવની પર્યાય છે તેને લીધે જડ રહેતું હશે ? ને અનીતિના ભાવને લીધે લક્ષ્મી રહે નહિ એમ પણ નથી. અનીતિવાળો હતો માટે કિંકર થઈ ગયો એમ પણ નથી ને નીતિવાળો હતો માટે પૈસા આવ્યા એમ પણ નથી.

ધર્મી જીવ જાણે છે કે પૂર્વનાં પુણ્યને લીધે પૈસા આવે–જાય છે. તેમાં તેને વિસ્મય થતું નથી. જ્ઞાની જીવ ગરીબ થઈ જાય તો તેને શંકા પડતી નથી કે મારામાં અનીતિ હશે તેથી મને નિર્ધનતા મળી હશે ? ને કોઈ અનીતિ વાળો કમાઈ જાય તે તેના કુટુંબમાં કોઈ નીતિવાળો હશે એટલે તેનાં પુણ્યને લીધે બીજાને પૈસા આવી જાય એમ બનતું નથી. ધર્મી સમજે છે કે જડ પરમાણુ તેના કાળે આવે છે. વ્યવહારે તે તે જીવનું કર્મ નિમિત્ત છે.

**शत्रुः अपि भवति मित्रं मित्रं अपि च जायते तथा शत्रुः ।**
**कर्मविपाकवशात् एषः संसार स्वभावः ।। ५७ ।।**

અર્થ:—કર્મોદયવશથી વેરી હોય તે તો મિત્ર થઈ જાય છે તથા મિત્ર હોય તે વેરી થઈ જાય છે. એવો જ સંસારનો સ્વભાવ છે. ૫૭.

કોઈ દુશ્મન હોય તે મિત્ર થઈને આવે ને ખબર પૂછે. ધર્મી સમજે છે કે પૂર્વનાં પુણ્યને લીધે એમ બને છે, પણ તે પુણ્ય હોય તો ઠીક પડે એમ ઇચ્છવા જેવું નથી. વેરી મિત્ર બની જાય એમ ઇચ્છનારો કર્મની ભાવના ભાવે છે. મિત્ર તો પોતાનો આત્મા છે. કોઈ વેરી હતો ત્યારે તેને જાણવાની જ્ઞાનની લાયકાત હતી, તેનો નિષેધ કરવા જાય તો જ્ઞાનપર્યાયનો નિષેધ થઈ જાય છે. આ જ્ઞેય નહિ જોઈએ એમ જ્ઞેયનો નકાર કરનાર જ્ઞાનપર્યાયનો નિષેધ કરે છે.

વેરી છે તેને દૂર કરવાનો તારો સ્વભાવ નથી પણ તેને જાણવાનો તારો સ્વભાવ છે. કોઈ મિત્ર હોય તે વેરી થઈ જાય તો તેને પણ જાણવાનો સ્વભાવ છે. પણ મિત્રનો પ્રેમ કરવો તે વસ્તુમાં નથી. કોઈ ધર્મી જીવને પૂર્વનાં પાપના યોગે વેરી વધી જાય ને પાપીઓને મિત્રો વધી જાય તો તેથી જ્ઞાનીને વિસ્મયતા થતી નથી, જ્ઞાનીને સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં દ્રઢતા થાય છે. આમ કેમ ? એવી શંકા થતી નથી. ધર્મના કારણે મિત્ર આવ્યા છે એમ પણ નથી ને પાપના કારણે શત્રુ આવ્યા છે એમ પણ નથી. સૌ સ્વતંત્ર છે.

આમ સંયોગોનો સ્વભાવ, રાગનો સ્વભાવ જાણીને જ્ઞાનને ઓળખી જ્ઞાનમાં ઠરવું તે કર્તવ્ય છે.

—૦—

( -ક્રમશઃ )

[ શુદ્ધાત્માની ચિંતાનો પરિગ્રહ...ટાઈટલ ૨ થી ચાલુ ]
સત્સમાગમે આત્માને જાણીને તેનું જ ધ્યાન કરવા યોગ્ય છે.—આવી આત્માની ચિંતાનો પરિગ્રહ કરે—પકડ કરે—તેનું જીવન પણ પ્રશંસનીય છે.

શ્રીમદ્ રાજચંદ્રજી આ પદ્મનંદીપંચવિંશતિ શાસ્ત્રને 'વનશાસ્ત્ર' કહે છે. આ શાસ્ત્ર વનમાં રચાયેલું છે અને વનમાં રહીને જ્ઞાન-ધ્યાન કરવા માટેનું આ શાસ્ત્ર છે, તેથી તેને વનશાસ્ત્ર કહ્યું છે. આત્માનું ભાન કરીને તેના ધ્યાનમાં જે ઠર્યા છે તેને તો બધે વન જ છે, તેનો આત્મા જ તેનું વન છે.

અહો ! મારો સ્વભાવ જગતનો સાક્ષી જ્ઞાતા છે, ક્ષણિક વિકાર કે દેહ તે મારું સ્વરૂપ નથી—એમ જેના અંતરમાં ચૈતન્યની ચિંતા જાગી છે તેની આચાર્યદેવ પ્રશંસા કરે છે. અહો ! ચૈતન્યની ચિંતાપૂર્વક જે જીવન જીવે છે તે જ પ્રશંસનીય છે, બાકી ચૈતન્યના લક્ષ વગરનું જીવન જીવે છે તે તો મડદા સમાન છે. આ શરીર તો સંયોગી અનિત્ય છે, તે તો અનંત આવ્યા અને ગયા, પણ મારો આત્મા અનાદિ અનંત એકરૂપ છે, તેનો કદી નાશ થતો નથી—એમ જેને દિવસ અને રાત આત્માની ચિંતા વળગી છે, આત્મા શું છે તેનું ભાન કરવા, તેનું ધ્યાન કરવા, તેની ભાવના કરવા જેને સદાય અંતરમાં રટણ ચાલ્યું છે તેનું જીવન પ્રશંસનીય છે, જગતની જંજાળની ચિંતાનો વળગાડ છૂટીને જેને આત્માની ચિંતાનો વળગાડ વળગ્યો છે તેનું જીવન ધન્ય છે.

અમેરીકામાં એવા મશીન થાય છે કે તેમાં અમુક પૈસા નાખતાં એની મેળે ફોટો પડીને બહાર આવે. લોકોને એવા મશીનનો વિશ્વાસ આવે, પણ આનંદ કંદ આત્મામાં જેટલી પુરુષાર્થની એકાગ્રતા મૂકે તેટલી નિર્મળ પર્યાય પ્રગટે એટલે જેવી પુરુષાર્થની એકાગ્રતા કરે તેવો જ ફોટો પર્યાયમાં પડી જાય,—આવી ચૈતન્યશક્તિનો વિશ્વાસ જગતને બેસતો નથી. ચૈતન્યશક્તિને ઓળખીને તેમાં જેટલી પુરુષાર્થની એકાગ્રતારૂપ કિંમત નાંખે તેટલી નિર્મળદશા અંદરની શક્તિમાંથી પ્રગટ થયા વિના રહે નહીં. પહેલાં અંતરમાં આત્માની જિજ્ઞાસા અને મંથન જાગવું જોઈએ. અંતરના ચૈતન્યતત્ત્વને શોધવા, તેનો અનુભવ કરવા, તેનો સાક્ષાત્કાર કરવા અને તેના ધ્યાનમાં સ્થિર થવા જેને રાત અને દિવસ, સ્વપ્નમાં કે જાગતા, હાલતાં ને ચાલતાં સદાય રટણ ચાલે છે તેનું જીવન ધન્ય છે. જેમ માતાથી વિખૂટા પડી ગયેલા બાળકને 'મારી બા, મારી બા'—એમ પોતાની માતાનું જ રટણ થયા કરે છે, કોઈ તેને પૂછે છે કે તારું નામ શું ? તો કહેશે કે 'મારી બા.' કોઈ તેને ખાવાનું પૂછે તો કહેશે કે 'મારી બા'—એમ તે માતાનું જ રટણ કરે છે. તેમ જે ભવ્ય જીવોને અંતરમાં આત્માની દરકાર જાગે, આત્માનું જ રટણ અને આત્માની ચિંતાનો વળગાડ પ્રગટ કરે, આત્મા સિવાય બીજાની રુચિ અંતરમાં થવા

ન દે તેનું જીવન ધન્ય છે. અહો, પૂર્ણ ચિદાનંદ સ્વરૂપ મારો આત્મા છે, તેનું ભાન અને પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી યથાર્થ શાંતિ કે સુખ થાય નહીં. અત્યાર સુધીનો અનંતકાળ આત્માના ભાન વગર ભ્રાંતિમાં ગુમાવ્યો, હવે એક ક્ષણ પણ ગુમાવવી નથી—એમ આત્માની ચિંતાવાળો જીવ બીજા કોઈની રુચિ કરતો નથી. જેઓ એ ચૈતન્યસ્વભાવનું ભાન પ્રગટ કરીને તેને ધ્યાનમાં ધ્યાવે છે તેમના મહિમાની વાત શું કરવી? તેમણે તો કાર્ય પ્રગટ કરી લીધું છે, તેથી તે કૃતકૃત્ય છે. પણ જેણે તેના કારણરૂપ રુચિ પ્રગટ કરી છે કે અહો મારું કાર્ય કેમ પ્રગટે? આનંદકંદ આત્માનો અનુભવ અંદરથી કેમ પ્રગટે? આવી જેને ચિંતા પ્રગટી છે તે આત્માનું જીવન પણ, સંત આચાર્ય કહે છે કે ધન્ય છે, સંસારમાં તેનું જીવન પ્રશંસનીય છે. જગતમા પૈસા, સ્ત્રી, શરીર વગેરેની ચિંતા વધારે તેનું જીવન પ્રશંસનીય અમે નથી કહેતા. પણ જેણે બીજા પરિગ્રહની ચિંતા છોડીને ચૈતન્યની ચિંતાનો જ પરિગ્રહ કર્યો છે તેનું જીવન શાંતિ અને સમાધિ આપવાના કારણરૂપ છે, મનોહર છે, રમણીય છે, પ્રશંસવા યોગ્ય છે; દેહ છૂટવા ટાણે તેને અંતરમાં આત્માની શાંતિ અને સમાધિ પ્રગટ થશે, તેથી તેનું જીવન ધન્ય છે; મોટા મોટા દેવો પણ આવીને એવા ભવ્ય જીવોની સેવા અને આદર કરે છે. આ દુર્લભ મનુષ્યભવ પામીને કરોડો રૂપિયા મેળવે કે માન આબરૂ વગેરે મેળવવામાં જીવન વીતાવે તેને અહીં ધન્ય નથી કહેતા, પણ અંતરમાં જે ચૈતન્યની ભાવના કરે છે તેનું જીવન ધન્ય છે.

આ જડ શરીરથી હું ભિન્ન છું, અહો! મારા આત્માનું શું થશે? આ જડ શરીર તો અહીં પડ્યું રહેશે, અને હું તો એકલો જઈશ, શરીર પણ મારી સાથે રહેવાનું નથી તો પછી બીજા સ્ત્રી-કુટુંબ-લક્ષ્મી વગેરેની શું વાત? વિકાર પણ મારું સ્વરૂપ નથી, મારો આત્મા કાયમી શુદ્ધ ચિદાનંદ છે, સિદ્ધ ભગવાન જેટલું પરિપૂર્ણ સામર્થ્ય મારામાં ભર્યું છે તેને હું ઓળખું—એમ ચોવીસે કલાક અંતરમાં રટણ ચાલે છે તેવા ધર્મની ચિંતાવાળા ભવ્યાત્માઓને દેવો પણ સેવે છે. પવિત્રતાવાળા જીવોને પુણ્યવંત દેવો પણ આદરે છે. આત્મસ્વભાવના લક્ષવાળું જીવન જ આદરણીય છે, એ સિવાય બીજા જીવનને આદરણીય ગણવામાં આવ્યું નથી. માટે ભવ્યાત્માઓએ વારંવાર શુદ્ધાત્માની ચિંતામાં ને તેના જ રટણમાં રહ્યા કરવું—એવો શ્રી આચાર્યદેવનો ઉપદેશ છે. શરીર-પૈસા-કુટુંબ કે દેશ વગેરેનું જે થવું હોય તે થાય, તેને સંયોગરૂપે રહેવું હોય તો રહે ને જવું હોય તો જાય, મારા આત્માથી તે બધા ભિન્ન છે, હું નિત્ય રહેનાર ચૈતન્યબિંબ છું, તેને ઓળખીને તેમાં ઠરું—એ જ મારું કર્તવ્ય છે. આવી જેને રુચિ અને ઝંખના પ્રગટી છે તેને તે નિત્ય શાંતિ અને આનંદ આપે છે, તેનું જીવન ધન્ય છે. કરવા યોગ્ય હોય તો આ જ છે. —પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

—o—

## નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ
## શ્રી જેઠાલાલ હેવરાજ શાહનો
## ઉત્સાહપૂર્ણ પત્ર

ॐ

શ્રી ગુરુદેવાય નમ: લંડન, તા. ૩૦-૫-૮૪

'આત્મધર્મ' કાર્યાલય,

ગુરુદેવ દેવલોક પામ્યા પછી અંતરમાં એવી ભાવના રહ્યા કરતી, મનમાં ખેદ રહ્યા કરતો કે—છેલ્લે ગુરુદેવને નાઈરોબી પધારવા વિનંતી કરવા ગયો હતો તેને પાંચ વર્ષ થયાં અને ગુરુદેવના અંતિમ દર્શન કરવાની ખૂબ જ જિજ્ઞાસા હતી પણ એ દુર્લભ થયું અને અંતિમ દર્શન ન થયાં. ગુરુદેવની પંચાણુંમી જન્મજયંતી મહોત્સવ ઉપર સોનગઢ જવાની તીવ્ર જિજ્ઞાસા થયા કરતી; અને જન્મજયંતી-મહોત્સવનો લાભ લેવા અમે બંને સોનગઢ ગયાં. સોનગઢમાં ગુરુદેવની જન્મજયંતી-મહોત્સવ ઉપર અતિ ઉત્સાહપૂર્વક લાભ લેવા માટે ખૂબ જ સંખ્યામાં દેશભરના મુમુક્ષુ ભાઈઓ અને બહેનો આવ્યાં હતાં. તા. ૧-૫-૮૪ ના રોજ ગુરુદેવના જન્મધામ ઉમરાળાના જિનમંદિરનાં દર્શન કરવાની જે ઘણા વખતની ઇચ્છા હતી તે પૂરી થઈ. તે દિવસે ઉમરાળા નગરી મુમુક્ષુઓથી ઉભરાઈ ગઈ હતી. ઘણી જ સંખ્યા હતી. વૈશાખ સુદ બીજના સવારના સાડા પાંચ વાગ્યાથી જિનમંદિરમાં, સ્વાધ્યાયમંદિરમાં અને ગુરુદેવ જ્યાં—જે રૂમમાં—રહેતા હતા ત્યાં દર્શનાર્થીઓનાં ટોળેટોળાં ઊભરાતાં. મને ગુરુદેવની જન્મજયંતી-મહોત્સવનો લાભ લેવાની ઘણા વખતની ભાવના હતી તે પૂર્ણ થઈ. ગુરુદેવની તપોભૂમિ-સાધનાભૂમિનાં દર્શન, ભગવતી માતાજીની (બહેનશ્રી ચંપાબેનની) પાસે આત્મહિતપ્રેરક ધર્મનું શ્રવણ તથા ગુરુદેવનો મહિમા માતાજીના શ્રીમુખેથી સાંભળી ખૂબ જ પ્રમોદભાવ આવ્યો કે—હજી સોનગઢના તીર્થક્ષેત્રમાં જ્ઞાની સાક્ષાત્ બિરાજે છે. અંતરમાં એમ થાય છે કે—ખરેખર જીવન તો સોનગઢમાં જ છે. સાચો સ્વાધ્યાય ત્યાં જ છે. અંતરથી વિચાર કરીએ તો ગુરુદેવની સાધનાભૂમિમાં ગયા બાદ પરિણામ ત્યાંમય બની જાય છે, અને એમ થાય કે—ખરું જીવન જીવનારા સોનગઢમાં જ છે, બાકી વાતો કરનારા છે. આજે હું લંડન થોડા ટાઈમ માટે આવ્યો છું, અહીંયા પણ મુમુક્ષુ ભાઈઓની સ્વાધ્યાય ચાલુ છે અને ગુરુદેવે બતાવેલ માર્ગે આત્મહિત કરી રહ્યા છે. સોનગઢથી એટલે કે ગુરુદેવની સાધનાભૂમિથી દૂર ચાલ્યા ગયા બાદ પણ પંચાણુંમી જન્મજયંતી-મહોત્સવનો ઉત્સાહ, આનંદ અને સ્વાધ્યાય કાનમાં ગુંજે છે. દૂર રહીને ઘણી વખત જાણવા મળતું—દૂરથી સાંભળતો—કે 'સોનગઢમાં હવે કાંઈ છે નહિ' તે પ્રત્યક્ષ જોયા પછી ખબર પડી: સોનગઢમાં ગુરુદેવના શ્રીમુખેથી

[ અનુસંધાન માટે જુઓ પાનું ૩૦ ]

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૭૧ મી જન્મ-જયંતી મહોત્સવ

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળના ટ્રસ્ટીઓ, સભ્યો તેમજ બૃહદ મુંબઈના મુમુક્ષુઓ તરફથી પરમ પૂજ્ય પરમોપકારી કરુણાસાગર ગુરુદેવશ્રીની તપોભૂમિ સુવર્ણધામમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧ મી જન્મજયંતી તા. ૯–૮–૮૪ થી તા ૧૩–૮–૮૪—એમ પાંચ દિવસ મહોત્સવ દ્વારા ઉજવવામાં આવશે. વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત પૂજ્ય બહેનશ્રીના જન્મધામ—વઢવાણ શહેરની મંગલ યાત્રાનો કાર્યક્રમ તા. ૧૧–૮–૮૪ ના રોજ સ્પેશીયલ ટ્રેઈન દ્વારા રાખવા માટે સ્પેશીયલ ટ્રેઈનના પ્રયત્નો ચાલુ છે. આ મંગલકારી ૭૧ મી જન્મજયંતી મહોત્સવનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ છે.

—:::—

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણ-વર્ગ *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧ મી જન્મ-જયંતીના શુભાવસર (તા. ૯–૮–૮૪ થી તા. ૧૩–૮–૮૪) પર પ્રૌઢ ભાઈઓ માટે તા. ૩૦–૭–૮૪ થી તા ૧૩–૮–૮૪ સુધી–પંદર દિવસનો પ્રૌઢ-ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવેલ છે, જેમાં જઘન્ય, મધ્યમ તથા ઉત્તમ—એમ ત્રણ વર્ગો રાખવામાં આવશે.

સૂચના:–૧. આ પ્રૌઢ-ધાર્મિક શિક્ષણવર્ગ માત્ર પુરુષો માટે છે.
૨. શિક્ષણાર્થી ભાઈઓ માટે નિ:શુલ્ક ભોજન વ્યવસ્થા રહેશે.
૩. પાગરણ તથા જરૂરી વસ્તુ સાથે લાવવી.
૪. ટેપરેકોર્ડર જેવી કિંમતી વસ્તુ સાથે ન લાવવી.
૫. શિક્ષણાર્થીઓએ પોતાના આગમનની અગ્રીમ સૂચના સંસ્થાને લખી મોકલવી.

## સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્રપૂજન ત્યારબાદ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર ચરણાનુયોગ સૂચક ચૂલિકા ઉપર અધ્યાત્મરસ સભર ટેપ પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી પંચાસ્તિકાય ઉપર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ અને શ્રી ચીમનભાઈ કામદાર દ્વારા શિક્ષણ–વર્ગ, સાંજે શ્રી અષ્ટપાહુડ ઉપર ભાવવાહી શૈલીમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ પ્રવચન—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય સાધારણતઃ ઠીક છે. તેઓશ્રીના પાવન દર્શન તેમજ તેઓશ્રીની ગુરુ-ભક્તિભીની સ્વાનુભવગર્ભિત આધ્યાત્મિક તત્ત્વચર્ચાનો લાભ અવાર-નવાર મળતો રહે છે.

* સોનગઢમાં પાલિતાણા રોડ ઉપર "શ્રી સૂર્યકીર્તિનગર કો. ઓ. હાઉસીંગ સોસાયટી"ની યોજના સાકાર થઈ રહી છે. જેમને સોસાયટીમાં ફ્લેટ લખાવવો હોય તેમણે સભ્યપદના એક શેર માટે રૂા. ૨૫૦– તેમજ પ્રાથમિક ખર્ચ માટે રૂા ૨૫૦– એમ કુલ રૂા. ૫૦૦–નો M. G. SHAH ના નામનો ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલવો.

ગીરીશ એ. શેઠ<br>
C/o શ્રી કાઠીયાવાડ મોઢવણિક વિદ્યાર્થીભવન<br>
વાઘાવાડી રોડ, ભાવનગર ૩૬૪૦૦૧

તા. કઃ—વધુ વિગત માટે ઉપરના સરનામે પત્ર વ્યવહાર કરવો.

સૂચના :—આગામી પર્યુષણ માટે જે કોઈ ગામના મંડળને શાસ્ત્ર-વાંચન માટે વિદ્વાન વાંચનકારની જરૂર હોય તેમણે શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટને લેખીત મોકલવું. યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

નવું પ્રકાશન :—નિર્ભ્રાંત દર્શનની કેડીએ—લેખક શશીકાંત એમ. શેઠ [મૂલ્ય રૂા. ૨/–]
વચનામૃત પ્રવચન ભાગ ૩—પ્રેસમાં * *

[ એવો પુરુષાર્થ અવશ્ય કર : પાના નં. ૬ થી ચાલુ ]

ગુરુની કૃપાથી–પ્રસાદથી જ મળ્યો છે. બધું શ્રેય ગુરુદેવને જ છે. બધું ગુરુદેવનાં જ ચરણોમાં છે. આ રીતે ગુરુકૃપાથી જ આગળ વધે છે.

બધાએ એક જ કરવા જેવું છે—રુચિના વેગને અંતરમાં ચોંટાડી દેવો, એક શુદ્ધાત્માને જ ગ્રહણ કરવો. બસ! તે જ એક કર્તવ્ય છે. એક શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. જેમાં જે હોય તેમાંથી તે આવશે. અનંત કાળથી બહારમાં ઘણી માથાફોડ કરી, પરંતુ કાંઈ હાથ આવ્યું નહિ. માટે, હવે તો તારી દૃષ્ટિ—રુચિ જે બહારમાં ચોંટેલી છે તે અંતરમાં જાય એવો પુરુષાર્થ અવશ્ય કર. —૦—

## વૈરાગ્ય સમાચાર :—

વિંછીયા નિવાસી (હાલ મલાડ) શ્રી ચુનીલાલ હરીચંદ શાહના ધર્મપત્ની અંજવાળીબેન (વર્ષ–૬૭) તા. ૧૭–૪–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદ નિવાસી શ્રી વિમળભાઈ ત્રીકમલાલ શાહ (વર્ષ–૬૭) તા. ૬–૬–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો ખૂબ લાભ લેતા હતા.

ગોંડલ નિવાસી ગોંડલ મુમુક્ષુ મંડળના વાંચનકાર શ્રી ધીરજલાલ માનસંગ દોમડીઆ તા. ૧૦–૬–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે તેમ જ પરમ ગુરુદેવશ્રી પ્રત્યે ઘણા જ શ્રદ્ધાભક્તિ હતા. તેઓ વીતરાગધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## ઇન્દૌર :—

યદ્યપિ ઇન્દૌર મેં અખિલ ભારતીય સ્તર પર શિક્ષણ શિબિર લગાનેકા નિર્ણય ૨ માહ પૂર્વ લીયા જા ચૂકા થા તથા તદનુસાર તૈયારીયાં ભી પ્રારંભ કર દી ગઈ થી. કિન્તુ તીન દિન પૂર્વ હી સોનગઢ સે પ્રકાશિત આત્મધર્મ માસિક કે જૂન અંક મેં યહ સમાચાર પઢને કો મિલા કિ જિન દિનોં ઇન્દૌર મેં શિબિર લગાયા જાના હૈ ઉન્હી દિનોં સોનગઢમેં ભી ૧૫ દિવસીય શિક્ષણ શિબિર લગાયા જા રહા હૈ.

અતઃ શિબિર લગાને કે પ્રકરણ પર કાર્યકારિણીને પુનઃવિચાર કરના ઉપયુક્ત સમજા. તદનુસાર પરિસ્થિતિયોં પરવિચાર કર નિર્ણય લીયા ગયા હૈ કિ ચૂંકિ સોનગઢ તથા ઇન્દૌર દોનોં કે પ્રસ્તાવિત શિક્ષણ શિબિર કી તિથિયાં લગભગ સમાન હૈ, અતઃ ઇન્દૌર કા શિબિર ફિલહાલ સ્થગિત કિયા જાતા હૈ. —જમનાલાલ જૈન


મંત્રી, શ્રી દિ. જૈન ધર્મ શિક્ષણ સંયોજન સમિતિ, ઇન્દૌર

[ જેઠાલાલ દેવરાજનો પત્ર......પાનું ૨૭ થી ચાલુ ]

નીકળતી વાણી ગુંજે છે; અને માતાજીનાં દર્શન અને એમની શાન્ત મુદ્રા જોઈને એમ થાય કે—જીવન જીવવું હોય તો સોનગઢમાં ગુરુદેવની સાધનાભૂમિ છે; અને હું એમ માનું છું કે શરીરનું બનવાનું તો હોય તે બને પણ દર વર્ષે ગુરુદેવની અથવા માતાજીની જન્મજયંતીનો લાભ ગુમાવવો ન જોઈએ. હું બહુ દૂર દેશ રહું છું પણ અંતર તો સોનગઢમાં છે. અવશ્ય આ લાભ ગુમાવવો ન જોઈએ. આ અવસરનો લાભ લેવો જોઈએ. હું તો, સોનગઢમાં ગુરુદેવની જન્મજયંતી–મહોત્સવનો ઉત્સાહ, મુમુક્ષુઓનાં થનગનતાં હૃદય જોઈને ખૂબ જ પ્રભાવિત થયો છું.

લિ૦ જેઠાલાલ દેવરાજ શાહ

—હાલ લંડનથી, મૂળ નાઈરોબી (કેન્યા)



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* ઘણા લાંબા સમયથી જે ઘડામાં મળ-મૂત્ર ભર્યા હોય તે ઘડાને જળથી ધોવા છતાં તેમાંથી દુર્ગંધ જતી નથી. તેમ સમ્યક્ત્વરૂપી જળથી જ્ઞાનામૃત-સ્વરૂપ ઘટને ધોવા છતાં વિષયજન્ય વાસનાના સંસ્કાર જતાં નથી તેથી સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને, જેમ રોગીને ઔષધી સેવનની રુચિ નથી છતાં રોગવશ ઔષધીનું સેવન કરવું પડે છે તેમ વિષયોની રુચિ નહિ હોવા છતાં, વાસનાના સંસ્કારવશ વિષયોનો ત્યાગ થઈ શકતો નથી.

( શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા ૧૩૯-૪૦ )

* વિવેક રહિત અજ્ઞાની જીવ પોતે પૂર્વજન્મમાં કરેલાં કર્મોની ઉપર તો ક્રોધ કરતો નથી, પરંતુ તે કર્મોની નિર્જરા કરાવવાવાળા પુરુષની ઉપર ક્રોધ કરે છે. અર્થાત્ વૈદ્ય સમાન પોતાની ચિકિત્સા કરનારની ઉપર ક્રોધ કરે છે પણ આ પદ્ધતિ કોઈ પ્રકારે યોગ્ય નથી. કારણ કે પોતાના કર્મોની નિર્જરા કરાવે તે તો વૈદ્યની જેમ પોતાનો ઉપકારી છે, તેનો તો ઉપકાર જ માનવો જોઈએ. તેની ઉપર ક્રોધ કરવો ઘણી મોટી ભૂલ છે. તથા કૃતઘ્નતા છે. ( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, અધિકાર-૧૯, ગાથા-૪૧ )

* ત્રણલોકરૂપી ઘરમાં સર્વત્ર સંચાર કરવાવાળા જે ચિત્તને રોકવું શક્ય નથી ( સુગમ નથી ) તોપણ જેને રોકવાથી જન્મ-મરણરૂપ ભયને ઉત્પન્ન કરવાવાળા સર્વ દોષો નષ્ટ થઈ જાય છે તે ચિત્તને, હે જીવ ! તું જીવ, અજીવ આદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને બતાવનારા જિનાગમમાં સ્થિર કરીને તત્ત્વચિંતનમાં લગાવ તો તું સ્વાધીન સુખને આપનારા નિજપદને (મોક્ષને) અવશ્ય પ્રાપ્ત થઈશ. (શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્ન સંદોહ, અધ્યાય-૧૬, ગાથા-૮)

---

**સૂચના** :—આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ '૮૪ થી જૂન ૮૫ના ' વર્ષ માટે વાર્ષિક લવાજમ રૂ. ૯/- સત્વરે મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપવો. મર્યાદિત નકલ છપાતી હોવાથી તા. ૧૫-૭-૮૪ સુધીમાં જેઓના લવાજમ ભરાઈ ગયા હશે તેઓને ઓગષ્ટ માસનો અંક મોકલી શકાશે. *

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* મેરેમેં રાગાદિ હૈ હી નહિ, વિકલ્પોકો મેં લા સકતા હી નહીં, છોડ સકતા હી નહિ—ઐસે અંતરસે નિર્ણય કરના ચાહીએ. સે ઐસે ઉપર ઉપરસે ન ચલે.

તા. ૧૪-૧૦-૬૬

* આત્મામાં રાગ કે પર વસ્તુ છે જ નહિ; પછી ઘટાડવું ને ઓછું કરવું એ છે જ કયાં? આત્મામાં કષાય જ નથી તો પછી મંદકષાય પહેલાં કરવો એ છે જ કયાં? પહેલાંમાં પહેલો આત્માને અનુભવવો એ જ શરૂઆત છે.

* ભાઈ! ત્રણ કાળ ત્રણ લોકને જે ક્ષણમાં ગળી જાય એવા મોટાને તેં મોટપ ન દીધી, મોટાને નાનો માન્યો એ જ તારી વિપરીતતા છે.

* શ્રોતા:—પહેલાં ભગવાનનો મહિમા તો કરવોને?

પૂજ્ય ગુરુદેવશ્રી:—પહેલાં તારી મહિમા કર તો તને ભગવાનનો મહિમા આવ્યો કહેવાય. વીતરાગદૃષ્ટિ કર એમ વીતરાગ કહે છે, અમારી સામે જો એમ નથી કહેતા.

* થોડું પણ કસદાર અને સત્ય સમજાય તો એનું કલ્યાણ થઈ જાય. ને લાંબુ લાંબુ સમજે તો પણ કલ્યાણ ન થાય.

* કોઈ પાસે સાંભળવું ને સમજવું એમેય નથી. પહેલાં બીજું કરવું એમ કહે તેને તો ભગવાનની કે ગુરુની કે શાસ્ત્રની પણ શ્રદ્ધા નથી; ગુરુ તો આમ કહે છે. પહેલાંમાં પહેલાં આત્માને અનુભવવો—એમ ગુરુ કહે છે.

Licence No. 3
'Licensed to post
without prepayment'

To,

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012

If undelivered please return to:
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364250

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ     તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250